# દિવ્ય પથ

<u>( જીવન-પરિચય : શ્રદ્ધેય એ. નાગરાજ )</u>

**પ્રણેતા**

**મધ્યસ્થ દર્શન સહઅસ્તિત્વવાદ**

**અસ્તિત્વમૂલક માનવ કેન્દ્રિત ચિંતન**


મૂળ લેખક:
સુરેન્દ્ર પાલ

અનુવાદક:
વંદન રાવલ


**[બીજું - સંવર્ધિત સંસ્કરણ]**


ગુજરાતી અનુવાદના સમીક્ષકો:

સર્વશ્રી કુમુદચંદ્ર ઠાકર, સુરેશ પટેલ, યોગેશ ઉપાધ્યાય

**પ્રકાશક -**
જીવન વિદ્યા પ્રકાશન
દિવ્ય પથ સંસ્થાન,
અમરકંટક, જિલ્લો- અનૂપપુર – 484886

**લેખક -**
સુરેન્દ્ર પાલ

**અનુવાદક-**
વંદન રાવલ

**© સર્વાધિકાર પ્રકાશક પાસે સુરક્ષિત**

**મુદ્રણ -**
**ગુજરાત જીવનવિદ્યા પરિવાર**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ આવૃત્તિ** | **:** | **નવેમ્બર, 2018** | **પ્રત - 2000** |
| **દ્વિતીય (સંવર્ધિત) આવૃત્તિ** | **:** | **ઓગસ્ટ, 2025** | **પ્રત - 5000** |

**સહયોગ રાશિ – 60 ₹**

# અનુક્રમણિકા

## નિવેદનો

લેખકનું નિવેદન....03
અનુવાદકનું નિવેદન....05

## બાબાજીનું કથન

આસ્થા, શ્રમ અને સેવા....07
શિક્ષણ....10
ઉપનયન....11
ગુરુમિલન....13
વિવાહ....15
આ પાર કે પેલે પાર....17
અમરકંટક....23
સાધના....26
સમાધિ....28
સંયમ....29
નિશ્ચિત આચરણ....33
લોકવ્યાપીકરણ....38
અધ્યયન-વિધિ....41
ઉપસંહાર....45

# લેખકનું નિવેદન

જ્યારે મેં પ્રથમ વખત 'જીવનવિદ્યા પરિચય શિબિર' જૂન, 2010માં કરી ત્યારથી આદરણીય બાબાજી (અગ્રહાર નાગરાજ એટલે કે એ. નાગરાજજી)ના જીવન અંગે ઉત્સુકતાએ જન્મ લીધો, જે 'મધ્યસ્થ દર્શન'ના અધ્યયન વખતે વધતી ગઈ. આ માનવનું વ્યક્તિત્વ કેવું હશે? જન્મ સમયે કેવી પરિસ્થિતિઓ રહી હશે? કેવા સંસ્કાર મળ્યા હશે? શિક્ષણ કેવું રહ્યું હશે? શું કોઈ વિશેષ ઘટનાએ તેમને આ અનુસંધાન માટે પ્રેરિત કર્યા હશે? શું તેઓ સામાન્ય માનવથી કંઈક વિશેષ હશે? આખરે, ચિર કાળથી અપેક્ષિત અને અત્યાર સુધી રહસ્યમય મનાતું આ અદ્ભુત જ્ઞાન તેમના થકી કઈ રીતે પ્રગટ થઈ ગયું? મને લાગે છે કે આવી ઉત્સુકતા 'જીવનવિદ્યા' અથવા 'મધ્યસ્થ દર્શન'ના સંપર્કમાં આવનાર દરેકને થતી જ હશે. આખરે, માનવ-ઈતિહાસમાં એવાં ઉદાહરણો છે જ કેટલા કે જ્યારે કોઈ માનવે અંતિમ અથવા પરમ સત્યને જાણવા માટે પોતાનું બધું જ દાવ પર લગાડી દીધું હોય?

આમ તો આદરણીય બાબાજી દ્વારા રચિત સાહિત્યમાં, તેમનાં ઉદ્બોધનોમાં અને તેમની સાથે રહેલા કેટલાક સાથીઓ પાસેથી સાંભળેલા સંસ્મરણોમાં બાબાજીના જીવન અંગેની કંઈક ઝલક મળતી રહી, પણ તેનાથી તો બળતામાં ઘી હોમાયું! બાબાજીની મનોસ્થિતિની યાત્રા વિશે વધારે જાણવાની ઉત્સુકતા તીવ્ર બનતી ગઈ. એટલે જ જ્યારે અમદાવાદમાં એક ગોષ્ઠિમાં એક સાથીએ બાબાજીની જીવનકથાની વાત ઉઠાવી, ત્યારે મેં બાબાજીની સાથે રહેતા કેટલાક શિષ્યો (સાધનભાઈ, સોમભાઈ, અંજનીભાઈ વગેરે) સાથે આ અંગે ચર્ચા કરવાનો નિર્ણય કર્યો. સંયોગવશ અમુક દિવસો પછી (1થી 10 ફેબ્રુઆરી, 2014 દરમિયાન) અધ્યયન માટે અછોટી (રાયપુર, છત્તીસગઢ) જવાનું હતું અને એ સમય દરમિયાન બાબાજી ત્યાં રહેશે એ પણ નિશ્ચિત હતું. સાથીઓ સાથે વાત કરી તો તેઓએ જણાવ્યું કે તેમણે ઘણી વખત આ વાત બાબાજી સાથે કરી છે પણ કોઈ કારણોસર નિર્ણય નથી થઈ શક્યો. સાથીઓએ મને સૂચવ્યું કે હું બાબાજી સાથે આ અંગે વાત કરું.

બાબાજી સાથે વાત થઈ તો એમણે આ કામની અનુમતિ આપી દીધી અને એની જવાબદારી પણ મને જ મળી. તરત જ ફેબ્રુઆરી, 2014ના અંતિમ 10 દિવસોમાં બાબાજી તથા પરિવારના સભ્યોની સાથે અમરકંટકમાં રહ્યો, તેઓની પાસેથી માહિતી મેળવી અને લખવાનું શરુ કરી દીધું. આ પુસ્તકની વિષયવસ્તુના મુખ્ય સ્ત્રોત આદરણીય બાબાજી જ છે. આ પુસ્તકમાં લખેલી મોટાભાગની વાતો બાબાજીએ પોતે જ મને કહી છે અને કેટલીક વાતોનું વર્ણન એમણે પોતાના વક્તવ્યોમાં સમયાંતરે કર્યું જ છે, જે પ્રકાશિત પુસ્તકોમાં ક્યાંક ને ક્યાંક જોઈ શકાય છે. વળી, ઘણી વાતો મને એમનાં સુપુત્રી સુશ્રી શારદા અમ્બાજી, પુત્રવધૂ શ્રીમતી સુનીતાજી તથા શ્રીમતી પૂજાજી, સુપુત્ર શ્રી માર્કંડેયજી તથા શ્રી લક્ષ્મીપ્રસાદજી તેમજ સાધનભાઈજી (જેઓ આદરણીય બાબાજી તથા તેમના પરિવારની સાથે ૨૨ વર્ષોથી રહે છે), શ્રીમતી મહિમાજી,

શ્રીરામભાઈ (જેઓ પત્ની, શ્રીમતી ગૌરીજી સહિત લગભગ ૨ વર્ષથી બાબાજીના પરિવારમાં રહે છે) તથા અન્ય જીજ્ઞાસુઓ પાસેથી પણ જાણવા મળેલી, જે બાબાજી પાસે અનુમોદિત કરાવેલી. બાબાજી મને એ વાતનું પણ વિશેષ ધ્યાન દેવડાવતાં કે પુસ્તકના લેખનમાં એમનાં વ્યક્તિગત મહિમામંડનથી દૂર રહેવું. બાબાજી સાથેના વાર્તાલાપમાં આ પુસ્તકનું પ્રયોજન નિશ્ચિત થયું – આ પુસ્તકના વાચકમાં 'મધ્યસ્થ દર્શન'ના અધ્યયનની રુચિ ઉત્પન્ન થઈ શકે. આશા છે કે આ હેતુ ફળશે.

આ પુસ્તક લખતી વેળા મને મારામાં સ્પષ્ટતા વધતી દેખાઈ અને એક તૃપ્તિનો અહેસાસ જળવાઈ રહ્યો છે. છતાંય, નિવેદન છે કે જ્યાં પણ મધ્યસ્થ દર્શન (સહ-અસ્તિત્વવાદ)ના મૂળ સિધ્ધાંતોનું વર્ણન આ પુસ્તકમાં કર્યું છે એમાં અને આદરણીય બાબાજી દ્વારા રચિત ગ્રંથોમાં (વાઙમયમાં) વર્ણિત વસ્તુમાં વિરોધાભાસ જેવું કંઈ દેખાય તો વાઙમયને સાચું માનવું. આ પુસ્તકની કોઈ પણ ત્રુટિની જવાબદારી કેવળ મારી છે.

આ પુસ્તક લખવામાં મને અનેક સાથીઓનું યોગદાન મળ્યું છે, જેના માટે હું સૌનો આભારી છું. પ્રત્યક્ષરૂપે મળેલા યોગદાન માટે હું અમ્બાદીદી, સાધનભાઈ, બી.આર.ભાઈ, શ્રીરામભાઈ, ગૌરીબહેન તથા હિમાંશુભાઈનો આભારી છું.

હું એ સર્વ મનીષિઓ પ્રત્યે કૃતજ્ઞ છું કે જેઓએ મધ્યસ્થ દર્શનના ઉદ્‌ઘાટન અને આ પાવન ધરા પર તેના અવતરણની યાત્રામાં સહયોગી તથા સહયાત્રીની ભૂમિકા નિભાવી છે અને આજે સશરીર આપણી વચ્ચે નથી. તેમાં સર્વપ્રમુખ માતાજી નાગરત્નાદેવી, શ્રી નંદકુમાર શ્રીવાસ્તવ, શ્રી યશવંતકુમાર સિંધુ, શ્રી એન. એસ. પુરાણિક, શ્રી અશોક વર્મા, ડૉ. યશપાલ સત્ય અને એવા અનેક મનીષિઓને હું શ્રધ્ધાસુમન અર્પિત કરું છું.

આ અવસર પર મારાં અગ્રજ અને વરિષ્ઠ બંધુ-ભગિનીઓ - શ્રી રાજન શર્મા, શ્રી રણસિંહ આર્ય, શ્રી ગણેશ બાગડિયા, અંજનીભાઈ અને પરિવાર તથા શ્રીમતી અનિતા શાહને પરોક્ષરૂપે સહાયતા બદલ યાદ કરીને ગૌરવ અનુભવું છું.

- સુરેન્દ્ર પાલ

# અનુવાદકનું નિવેદન

પૂ. કુમુદદાદા (શ્રી કુમુદચંદ્ર ઠાકર)ની સલાહને કારણે મેં એપ્રિલ, 2016માં પ્રથમ 'જીવનવિદ્યા પરિચય શિબિર' કરી. ત્યારથી લઈને આજ સુધી (અને હવે આજીવન!) હું આ મધ્યસ્થ દર્શનનો વિદ્યાર્થી છું, સમજવાની યાત્રા ચાલી રહી છે.

શ્રી ઉમ્મેદભાઈ નાહટાએ બાબાજીની જીવનકથાનો અનુવાદ કરવાનું સૂચન કર્યું અને હું ઉત્સાહભેર તૈયાર થઈ ગયો. બાબાજી સાથે મારી મુલાકાત કદી થઈ શકી નથી. મેં પ્રથમ શિબિર કરી તે પહેલા તેમનું શરીર શાંત થઈ ચૂક્યું હતું. આ પુસ્તક થકી મને બાબાજીના જીવનનો થોડોક પરિચય થયો, એ બદલ હું આદરણીય સુરેન્દ્રજી પ્રત્યે કૃતજ્ઞ છું. એ ઉપરાંત, આ પુસ્તકના અનુવાદ સમયે, મૂળ લેખકશ્રીની જેમ હું પણ મારામાં મધ્યસ્થ દર્શન પ્રત્યેની સ્પષ્ટતા તથા આદરણીય શ્રી નાગરાજજી પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થતો અનુભવી શક્યો છું.

પહેલી વખત આ પુસ્તકના અનુવાદ સમયે મને એમ લાગેલું કે શબ્દશઃ અનુવાદ કરવા જતાં વાક્યરચનાઓ ઘણી જ ભારેખમ બનશે. એટલે સરળતાથી અર્થગ્રહણ થઈ શકે એ માટે પુસ્તકનો ભાવાનુવાદ કરેલો. (2017માં કામ શરૂ કરેલું અને 2018ના જીવનવિદ્યા રાષ્ટ્રીય સમ્મેલન વખતે એ પુસ્તકનું વિમોચન થયેલું.) પણ હવે આ બીજી આવૃત્તિમાં મૂળ પુસ્તકની બહુ વધારે નજીક જવાનો પ્રયત્ન કર્યો છે. હવે હું આ બીજી આવૃત્તિને મૂળ પુસ્તકનો 'શબ્દશઃ અનુવાદ' જ ગણું છું.

આ પુસ્તકના પહેલા સંસ્કરણના ભાષાકીય 'પ્રૂફ રીડીંગ' માટે હું શ્રી કુમુદચંદ્ર ઠાકરનો ઋણી છું. અનુવાદ કરવા જતાં ક્યાંય અર્થભેદ નથી થયો તેની ચકાસણી કરી આપવા બદલ હું શ્રી સુરેશભાઈ પટેલ અને શ્રી યોગેશભાઈ ઉપાધ્યાયનો આભારી છું. છતાં મૂળ પુસ્તકની સાપેક્ષમાં ક્યાંય અર્થભેદ દેખાય તો મૂળ પુસ્તકને જ સાચું માનવું અને એ ભૂલની જવાબદારી મારી છે એમ ગણવું. પુસ્તક પ્રકાશિત કરવા બદલ આપણે દિવ્ય પથ સંસ્થાનના આભારી છીએ.

આજે સાત વર્ષ પછી આ અનુવાદિત પુસ્તકની બીજી આવૃત્તિ કરવાનો અવસર આવ્યો એ ઘટના આનંદદાયી છે. કેમ કે જ્યારે પહેલી આવૃત્તિ વેળા બે હજાર પ્રત છપાવાઈ, ત્યારે મને થતું હતું – 'આટલી બધી પ્રત ક્યારે વેચાઈ રહેશે?' પણ મને એ વાતની ખુશી છે કે મારી એ અટકળ બહુ જલ્દી ખોટી સાબિત થઈ ગઈ અને આ વખતે 'જીવનવિદ્યા પરિવાર, ગુજરાત' દ્વારા ઘણી વધુ પ્રત પ્રકાશિત કરવામાં આવી!

"અસ્થિરતા, અનિશ્ચયતામૂલક ભૌતિક-રાસાયણિક વસ્તુ કેન્દ્રિત વિચાર બનામ વિજ્ઞાનવિધિથી માનવનું અધ્યયન ન થઈ શક્યું. રહસ્યમૂલક આદર્શવાદી ચિંતનવિધિથી પણ માનવનું અધ્યયન ન થઈ શક્યું. વિકલ્પના રૂપમાં પ્રાપ્ત અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતનવિધિથી મધ્યસ્થ દર્શન સહ-અસ્તિત્વવાદમાં માનવની જ્ઞાનાવસ્થામાં હોવાની ઓળખ થઈ અને કરાવાઈ. ... એ સાથે જીવનજ્ઞાન અને માનવીયતાપૂર્ણ આચરણ જ્ઞાન સહિત સહ-અસ્તિત્વ પ્રમાણિત થવાની વિધિ અધ્યયનગમ્ય થઈ ચૂકી છે." – એ. નાગરાજજી (વિકલ્પ – બિંદુ ક્રમાંક 1.)

બાબાજીના ઉપરોક્ત કથનથી હું પૂર્ણતઃ સહમત છું અને એના લોકવ્યાપીકરણના ઉદ્દેશ્યથી દિવ્ય પથ પુસ્તકનો ગુજરાતી અનુવાદ સહુ ગુજરાતી સહ-અધ્યયનાર્થીઓ સમક્ષ સહર્ષ પ્રસ્તુત કરી રહ્યો છું.

- વંદન રાવલ

15મી ઓગસ્ટ, 2025

# બાબાજીનું કથન

## આસ્થા, શ્રમ અને સેવા

ભારતવર્ષના કર્ણાટક રાજ્યમાં સ્થિત હાસન જિલ્લામાં રામનાથપુર નજીકનું અગ્રહાર ગામ જોવા-સાંભળવામાં એકદમ સામાન્ય ગામ જેવું જ છે. આધુનિક શિક્ષણનો અને ટેક્નોલોજીના વિકાસનો પ્રભાવ ચારે તરફ ફેલાયેલો દેખાય છે. આજે લગભગ દરેક ઘરમાં ટી.વી., ઓછામાં ઓછી એક મોટરસાઈકલ, ફ્રીઝ, ફોન અને વીજળીનો પ્રકાશ છે. ગ્રામ-પંચાયત દ્વારા દરેક ઘરમાં પાણીની સગવડ પૂરી પડાય છે. આધુનિક શિક્ષણ છે. ગામમાં લગભગ 200 ઘર છે અને આજુબાજુનાં શહેરોથી ગામ પાકા રસ્તાઓ વડે જોડાયેલું છે. પરંતુ આજે કોઈ વેદમૂર્તિ (વેદોનો જ્ઞાતા અને વેદોનું અધ્યયન કરાવનાર) હથેળી પર દીવો લઈને શોધતાં અગ્રહાર તો શું આખાય કર્ણાટકમાં પણ મળવો મુશ્કેલ લાગે છે.

પરંતુ, વીસમી સદીના બીજા દશકામાં આ ગામનું ચિત્ર – દેશનાં અન્ય ગામોની જેમ – આજથી બિલકુલ અલગ જ હતું. કેરોસિન સળગાવીને પ્રકાશ મેળવાતો હતો, કૂવામાંથી પાણી લેવાતું હતું અને બાળકોને પારંપરિક શિક્ષણ અપાતું હતું.

ગામમાં લગભગ 100 ઘર હતા, જેમાનાં 30 ઘર 'વેદમૂર્તિ સાંકેતિ બ્રાહ્મણ' તરીકે ઓળખાતા પરિવારોના હતા અને અન્ય પરિવારો પરસ્પર મળતી આવતી હોય એવી જાતિઓના હતા. એ સમયે અગ્રહારમાં લગભગ 50 વેદમૂર્તિ હતા. વેદમૂર્તિ પરિવારોમાં મહત્તમ પ્રમાણમાં છૂત-અછૂતના ભેદ અને કટ્ટરપંથી પરંપરા જોવા મળતાં. આ વેદમૂર્તિ અન્ય જાતિઓ સાથે ભોજન કરે એ તો વિચાર જ સંભવ નહોતો, પરંતુ પોતાની જાતિના લોકો સાથે ભોજન કરતી વખતે જો કોઈ એકબીજાને અડકી જાય તો બંનેએ તરત જ ભોજન છોડીને ઉઠવું પડતું, ઠંડા પાણીમાં ડૂબકી લગાવવી પડતી, જનોઈ બદલવી પડતી અને પાંચ નાળિયેર વડીલોને દાન આપ્યા પછી જ કંઈક કામ કરી શકાતું.

આવા જ એક વેદમૂર્તિ યુગલ શ્રી શ્રીનિવાસ શર્મા અને શ્રીમતી સુબમ્માના સુપુત્ર શ્રી નરસિંહ શર્મા અને તેમનાં પત્ની શ્રીમતી વેંકમ્મા ઘોર વૈદિક પરંપરાથી જીવન જીવી રહ્યા હતા. બંનેને વિદ્વતા વારસામાં મળેલી. શ્રીમતી વેંકમ્માના મોટાભાઈ શ્રી વિશ્વેશ્વરૈયાએ અનેક વિદ્વાનોને વેદોનું શિક્ષણ આપેલું, જેમાં શૃંગેરીના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખર ભારતીજીનો પણ સમાવેશ થાય છે. શ્રીમતી વેંકમ્મા આયુર્વેદ અને જ્યોતિષમાં પારંગત હતા. પિતાજી પાસેથી આ મહારત તેમણે પ્રાપ્ત કરી હતી. 1920ની 14મી જાન્યુઆરીની (મકરસંક્રાંતિની) સાંજે 7 વાગે શ્રીમતી વેંકમ્માએ પાંચમા સંતાનને જન્મ આપ્યો, જેનું નામ રખાયું નાગરાજ.

બાળક નાગરાજ જ્યારે થોડાક સમજણા બન્યા ત્યારે જાણ્યું કે સૌથી મોટી બહેન સુબ્બાલક્ષ્મ્મા અને એમનાંથી નાની સીતાલક્ષ્મ્માના લગ્ન થઈ ચૂક્યા હતા. મોટા ભાઈ અનંત નારાયણ શર્મા ગામની શાળામાં ભણવા જતા અને અંગ્રેજીમાં પણ વાતો કરતા. ત્રીજી બહેન રુક્માણામ્મા બાળક નાગરાજથી લગભગ 2 વર્ષ મોટી હતી. નાના ભાઈ રામનાથ હજી એકાદ વર્ષના હશે.

સમજણા થયા પછી બાળક નાગરાજના જીવનમાં સૌપ્રથમ નોંધનીય ઘટના બની, જ્યારે તેઓ મામાજી સાથે મેળામાં ફરવા ગયા. મામાજી એમના નાના ભાણા બાળક નાગરાજને ખભા પર બેસાડીને મેળામાં ફરવા લઈ ગયા હતા. મેળામાં એક જાદુગર અજબ કરતબ દેખાડતો હતો. એક વાંસને જમીનમાં ખોડ્યા વગર તે તેના પર ચડી ગયો. પછી તો એની પત્ની અને બાળક પણ એ વાંસ પર ચડી ગયા. આ જોઈને બાળક નાગરાજને સારું લાગ્યું. જાદુગરે અન્ય ઘણાં કરતબ દેખાડ્યા. એણે એના દીકરાને કાપી નાંખ્યો અને લોકોને લોહી પણ દેખાડ્યું. પછી એણે એક સૂપડામાં પથ્થરો ભેગા કરીને તેના પર કપડું ઢાંકી દીધું અને ડુગડુગિયું વગાડવાનું શરૂ કર્યું. પછી કપડું ઉઠાવીને લોકોને દેખાડ્યું કે પથ્થરો સોનામહોરમાં ફેરવાઈ ગયા હતા. એ સોનામહોર તે લોકોને આપવા લાગ્યો. મામાજીને પણ એક સોનામહોર આપી. પછી એ જ સૂપડામાં તે લોકો પાસેથી ભીખ માંગવા માંડ્યો. બાળક નાગરાજે મામાજીને પૂછ્યું-

"આણે હમણાં જ તો સોનું બનાવ્યું છે. તો પછી ભીખ કેમ માંગે છે?"

"શું બકે છે? ચૂપ થા, ચૂપ!" મામાજીએ કહ્યું.

મેળામાં ફરીને તેઓ ઘરે આવ્યા, રાતનું ભોજન લીધું. પછી ખીસામાંથી પેલી સોનામહોર કાઢીને તપાસી તો ખ્યાલ આવ્યો કે એ પથ્થર જ હતો. બાળક નાગરાજે નિષ્કર્ષ કાઢ્યો કે આ બધું મૂર્ખતાનું કામ હતું અને ત્યારથી તેઓ ચમત્કારને નમસ્કાર કરવાને મૂર્ખતા માનવા લાગ્યા.

બાળક નાગરાજના બાળપણથી જ ઘરમાં કોઈ જાતની અછત નહોતી. દોઢ એકર જમીન હતી, જેમાં નાળિયેર, સોપારી, પાન અને કેળાંનું ઉત્પાદન થતું. રોજનું લગભગ 40 કિલો દૂધ આપનારી ગાયો હતી. માળિયામાં સૂકા નાળિયેર અને ગોળ મૂકેલાં હોતા અને દીવાલમાંથી ઈંટ કાઢીને બનાવેલા ગોખલામાં રૂપિયા-પૈસા મૂકવામાં આવતા. પરિવારની જરૂરિયાત કરતા ઘણા જ વધારે પ્રમાણમાં દૂધ, ફળ અને શાકભાજીનું ઉત્પાદન થતું હતું, પણ એ વસ્તુઓને બજારમાં કે ગામમાં અન્ય વ્યક્તિઓને વેચવાની વાત વિચારવામાં જ નહોતી આવતી. ઘરની બહાર આંગણામાં એક મોટા વાસણમાં દૂધ અને તેની પડખે શાકભાજી તથા ફળ મૂકવામાં આવતાં. ગામના જરૂરિયાતમંદ લોકો એમાંથી પોતાની જરૂર મુજબનું લઈને ચૂપચાપ ચાલતા થતા. આ વ્યવસ્થા એ પ્રમાણે કરવામાં આવતી કે કોણ શું લઈ જાય છે એ ઘરનાં સભ્યો જોઈ ન શકે. આ કાર્યક્રમ જોઈને બાળક નાગરાજે માતાને પૂછ્યું-

"આવું કેમ? એ લોકો આપણી પાસેથી માંગીને આ વસ્તુઓ કેમ નથી લઈ જતા? આમ છૂપાઈને કેમ લઈ જાય છે?"

"માંગવું કોઈને સારું ન લાગે!" માતાએ જવાબ વાળ્યો- "લેનારને દીનતા ન અનુભવાય એ માટે આપણે આવી વ્યવસ્થા કરી છે."

માતાનો જવાબ સાંભળીને બાળક નાગરાજ વિચારવા લાગ્યા કે એમનો પરિવાર અન્યના સન્માનનું કેટલું ધ્યાન રાખે છે.

બાળક નાગરાજે જોયું કે તેમનાં માતાજી રોજ સવારે રંગોળી રચતા, જેમાં તેઓ જે-તે દિવસનું પંચાંગ બનાવતા. લોકો એ પંચાંગ જોવા આવતા અને જોઈને ખુશ થતા. રોજેરોજ ગાયોના દૂધનું દહીં જમાવવું, એને વલોવવું, માખણ કાઢવું, અનાજ દળવું, કૂટવું અને એવા કેટલાય કામ માતાજી કરતા, જેમાં બાળક નાગરાજ જોડાઈ જઈને યથાશક્તિ યોગદાન કરતા. પોતાના માતાજીની વિદ્વતા, આયુર્વેદ અને જ્યોતિષમાં નિપુણતા તથા અથાક સેવા જોઈને બાળક નાગરાજ ગદ્‌ગદિત થઈ જતા.

પિતાજી રોજ સવારે 4 વાગે જાગતા. સ્નાન કર્યા બાદ વેદપાઠ અને પૂજા કરીને ખેતરમાં પરિશ્રમ કરતા. લગભગ 9 વાગે પાછા આવીને ફરી સ્નાન કરતા, પૂજાપાઠ અને નૈવૈધ કરતા, પછી ભોજન કરીને આરામ કરતા. પછી ફરી ખેતરમાં જઈને શ્રમ કરતા, પાછા ફરીને એ જ ક્રમનું પુનરાવર્તન કરતા, હવન કરીને જમતા અને પછી સૂઈ જતા.

માતાપિતાની આ દિનચર્યામાં મોટેભાગે મહેમાનોની સેવા પણ ઉમેરાતી જ હતી. ઘરમાં મહેમાનોનું આગમન ચાલતું જ રહેતું. આમ તો પરંપરાનુસાર મોટાભાગના સંબંધીઓ ગામમાં જ રહેતાં. પણ ગામની આવાગમનની દૃષ્ટિએ ઉચિત પરિસ્થિતિને કારણે અહીંયાં યાત્રિકોનું રાત્રિરોકાણ થતું રહેતું. માતાજી દરેકને માટે ભોજન બનાવતા. મહેમાનોના ન્હાવાની વ્યવસ્થાના પ્રબંધમાં મોટાભાઈ સાથે બાળક નાગરાજ પણ ઉમંગભેર જોડાતા. બાળક નાગરાજે રાતના બાર વાગે પણ લગભગ 20 અતિથિઓના ન્હાવા, જમવા અને સૂવાની વ્યવસ્થાનો કાર્યક્રમ ચાલતો ઘણી વખત જોયેલો. આ રીતે પરિવાર મહેમાનોની સેવા કરતો એ બાળક નાગરાજને બહુ ગમતું. પરંતુ હિંદુ ધાર્મિક પરંપરા અંતર્ગત વર્ણાશ્રમ અનુસાર અમુક વિશેષ જાતિના મહેમાનોના રોકાવા માટેની વ્યવસ્થા અંદર અને અમુક અન્ય જાતિના લોકો માટે રોકાવાની વ્યવસ્થા છેક બહાર કરવામાં આવતી, જે બાળક નાગરાજને જરાય ગમતું નહીં. (કદાચ અહીંથી જ તેમના મનમાં સંદેહનાં બીજ રોપાયા હોય એમ લાગે છે.) આખા ગામમાં બે જ પરિવાર આ રીતે યાત્રાળુઓની સેવા કરતા.

આમ અપાર વિદ્વતા, અથાગ શ્રમ તથા નિત્ય સેવાના વાતાવરણમાં બાળક નાગરાજના જીવનની શરૂઆત થઈ.

# <u>શિક્ષણ</u>

આજે તો સ્થિતિ એવી છે કે મા-બાપને બાળકના જન્મ પહેલાંથી જ તેના શિક્ષણની ચિંતા થવા માંડે છે! એની સાથે મોટી ચિંતા એ હોય છે કે, 'બાળક મોટો થઈને કેવી રીતે કમાશે? કઈ નોકરી કરશે? એના પરિવારનું ભરણપોષણ કરી શકશે કે નહીં?' પણ વર્ષ 1925માં તો ભાગ્યે જ કોઈ મા-બાપ સંતાનને લઈને આવી ચિંતા કરતા હશે! બાળક નાગરાજના માતાપિતા અને અન્ય પરિવારજનો શ્રમપૂર્વક ઉત્પાદનથી જીવનજરૂરી વસ્તુઓ મેળવી લેતા અને મજાથી જીવતા હતા. તેઓને આશા રહેતી કે આપણાં બાળકો પણ આ રીતે શ્રમપૂર્વક એમનું પેટ ભરી શકશે. નોકરીને તો તેઓ મહાપાપ માનતા. ઇચ્છા એમની એ જ હતી કે સંતાનો પણ વૈદિક પરંપરાને આગળ વધારે. વેદોનું અધ્યયન કરવા માટે તેઓ શિક્ષણને જરૂરી સમજતા હતા.

એટલે બાળક નાગરાજ પાંચ વર્ષના થયા કે તરત જ તેમને શાળાએ મોકલવાની તૈયારી શરૂ થઈ. પરિવારમાં એક નવા વેદમૂર્તિનું ઘડતર કરવા સૌ કોઈ આશાન્વિત હતા. પણ એક સમસ્યા આવી પડી. બાળક નાગરાજે તો શાળાએ જવું જ નહોતું! તરત જ પરિવારજનોએ હાથપગનો પ્રયોગ કર્યો અને બાળક નાગરાજને બળજબરીથી શાળાએ મોકલવામાં આવ્યા. બરાબર ધીબાઈને પછી છેવટે બાળક નાગરાજે શાળાએ જવાનું શરૂ કર્યું અને રેતીમાં આંગળી વડે કન્નડ ભાષાના શિક્ષણનો પ્રારંભ કર્યો. (ઘરમાં 'સંકેતી' બોલાતી હતી, જે તમિળ અને કન્નડનું મિશ્ર સ્વરૂપ હતી.) અધ્યાપક ઘરમાં જ રહેતા, જેથી ભણવામાંથી કોઈ છૂટકારો દેખાતો નહોતો. હા, શાળામાં સ્વાસ્થ્ય અંગે જે શિક્ષણ મળતું તે બાળક નાગરાજને ગમતું, બાકી શાળામાં જરાય મન નહોતું લાગતું. શાળામાં આપવામાં આવતી માહિતી એમને રોજબરોજના જીવનમાં જરાય ઉપયોગી નહોતી લાગતી.

બાળક નાગરાજને તો માતાજી સાથે કામ કરવામાં, તેમની પાસેથી આયુર્વેદ અને જ્યોતિષવિદ્યા જાણવામાં, તળાવમાં તરવામાં, ગિલ્લી-દંડો અને સાતોલિયું રમવામાં મજા આવતી હતી. તેમજ તેઓ લાકડામાં કોતરણીકામ કરીને માણસોની આકૃતિઓ પણ બનાવતા. તેમનું સૌથી મનપસંદ કામ હતું ગાયો ચરાવવાનું. ગાયો ચરાવવામાં વધારે શ્રમ કરવો પડતો નહીં અને નવરાશનો સમય ઘણો મળતો, એટલે સમય પસાર કરવા તેઓ વાંસળી વગાડતા રહેતા. આમ તો ગોવાળ ગાયોની પાછળ ચાલતો હોય પણ અહીં તો ગાયો બાળક નાગરાજની પાછળ ચાલતી. જ્યારે તેઓ કોઈ વૃક્ષના છાંયે સૂઈ જતા ત્યારે ગાયો પણ તેમની આસપાસ સૂઈ જતી.

બાળક નાગરાજનું ધ્યાન એક બાબત પર ગયું કે તેમની ઉંમર નાની હોવા છતાં ગામના અન્ય જાતિના વડીલો તેમનો ઘણો આદર કરતા. તેમને પ્રણામ કરતા, પૂજા કરતા અને કોઈક તો તેમની સામે દંડવત્ થઈ જતા. બાળક નાગરાજ વિચારતા અને માતાજીને પૂછતા,

"મેં આમને એવું તો શું આપી દીધું છે કે આ લોકો મને પ્રણામ કરે છે, મારું સન્માન કરે છે; મારી પૂજા કરે છે?"

જવાબમાં માતા તરફથી ફક્ત સ્મિત મળતું. આ વિશે તેઓ હંમેશાં વિચારતા પણ 10-11 વર્ષના થયા પછી આ વિશે કોઈને પૂછવાનો નિર્ણય કર્યો.

જરા વધારે મોટા થયા તો તેમણે મોટા ભાઈની સાથે રહીને દૂધ દોહવાનું પણ શરૂ કરી દીધું. તેઓ માતાજી સાથે જંગલમાં જતા અને ઔષધિ તરીકે ઉપયોગી વિવિધ વનસ્પતિઓની જાણકારી મેળવતા (જે તેમને આજીવન યાદ રહેલી). શાળામાં કન્નડ ભાષા લખતાં, વાંચતાં, બોલતાં શીખવાની સાથે ઘરમાં અંગ્રેજી બોલવાનું તથા હિંદી અને સંસ્કૃત લખવા, વાંચવા અને બોલવાનું પણ શરૂ થયું. પરંપરાનુસાર, તેઓ 7 વર્ષના થયા કે તરત જ વેદોનું અધ્યયન પણ શરૂ થયું. સુબ્રમણ્યમ અવધાની, જે એમના પરિવારના ન હતા પણ વેદમૂર્તિ હતા, એ બાળક નાગરાજને વેદોનું અધ્યયન કરાવતા. કોઈ પણ બાળક ઘરમાં જ ઉપલબ્ધ વેદમૂર્તિ પાસેથી વેદોનું અધ્યયન નહોતો કરતો.

## <u>ઉપનયન</u>

એક દિવસ બાળક નાગરાજ એમના નાના જીજાજી (બહેન રુક્માણામ્માના પતિ, જેમની ઉંમર 20 વર્ષ હતી અને એ સમયે બહેન રુક્માણામ્મા લગભગ 8-9 વર્ષની હતી. બાળક નાગરાજની ઉંમર એ વખતે લગભગ 7-8 વર્ષ હશે.) સાથે કાવેરી નદીના કિનારે ફરવા ગયા. સૂર્યગ્રહણનો દિવસ હતો. જીજાજીને સાધના કરવાનું મન થયું તો તેઓ આંખો બંધ કરીને ધ્યાનમાં બેસી ગયાં. બાળક નાગરાજ દૂર બેસીને તેમને જોતા રહ્યા. અચાનક એક પ્રબળ ચક્રવાત જીજાજી તરફ ધસતો દેખાયો. જીજાજીને સાવધાન કરવા માટે બાળક નાગરાજ પૂરી તાકાત લગાવીને દોડ્યા. પણ ચક્રવાતની ગતિ ઘણી વધારે હતી. જીજાજી ચક્રવાતના ઝપાટામાં આવી ગયા, કોઈ રમકડાની જેમ આમતેમ ફંગોળાયા, ઊંચે ઉંચકાઈને નીચે પછડાયા. મરી ગયા. આ જોઈને બાળક નાગરાજ દંગ રહી ગયા. બહેન રુક્માણામ્માના લગ્ન વખતે વડીલો અને જ્યોતિષીઓના મુખે બોલાયેલાં શબ્દો બાળક નાગરાજના કાનમાં ગૂંજવા લાગ્યા-

"ખૂબ સારો વર છે. ઘણું લાંબુ આયુષ્ય છે વરનું. દીકરી જીવનભર ખુશ રહેશે."

જીજાજીનું આવું આકસ્મિક મૃત્યુ જોઈને બાળક નાગરાજની જ્યોતિષવિદ્યા પરની આસ્થા સમાપ્ત થઈ ગઈ. આવા વિચારો સાથે તેઓ દોડીને ઘરે ગયા અને પરિવારજનોને ઘટનાના

સમાચાર આપ્યા. તેઓએ જીજાજીના અંતિમ સંસ્કાર કર્યા. બહેન બાળ-વિધવા થઇ ગઇ હતી. આ જોઇને બાળક નાગરાજને ઘણું દુઃખ થયું અને જ્યોતિષ પરથી વિશ્વાસ ઉઠી ગયો.

કેટલાક દિવસો પછી બાળક નાગરાજના ઉપનયન સંસ્કાર થયા. એમાં એમને ઘણા ઉપદેશ અપાયા. કોને ક્યારે સ્પર્શ કરવો અને ન કરવો એના નિયમો જણાવાયા. એના ફળસ્વરૂપે એક ઘટના બની. દાસપ્પા નામનો એક છોકરો બાળક નાગરાજનો મિત્ર હતો, જે માછીમાર જાતિનો હતો. એક દિવસ રમતાં રમતાં દાસપ્પાએ બાળક નાગરાજને સ્પર્શ કર્યો તો એમના મનમાં દાસપ્પા પ્રત્યે દ્વેષ પેદા થઇ ગયો અને એમણે દાસપ્પાને ધક્કો મારીને દૂર કર્યો. એ ધક્કાથી દાસપ્પા જમીન પર પટકાયો અને વધારે વાગવાથી બેભાન થઇ ગયો. આ બાળક નાગરાજને જરાય ન ગમ્યું. તેમને જનોઇ ધારણ કરવામાં અને એને સંબંધિત છૂત-અછૂતમાં કોઈ જ સાર્થકતા ન લાગી. એટલે ઉપનયન સંસ્કારના માત્ર 20 જ દિવસ પછી બાળક નાગરાજે જનોઇ ઉતારીને ફેંકી દીધી. એ દિવસ પછી બાળક નાગરાજના મનમાં 'છૂત-અછૂત'નો ભાવ ક્યારેય ન આવ્યો.

જે પરંપરા અથવા રિવાજથી પોતાના જ મિત્ર પ્રત્યેના પ્રેમમાં ઉણપ આવી જાય, એ પરંપરાનો સ્વીકાર એમને જરાય યોગ્ય ન લાગ્યો. પણ જ્યારે આવી કોઇ ઘટના બનતી ત્યારે પોતાને અને પરિવારને ગામલોકો (જેમાં વડીલોનો પણ સમાવેશ થતો હતો) તરફથી મળતા સન્માનનો પ્રશ્ન મનમાં પેદા થઇ જતો. આ વખતે પણ એ પ્રશ્ન ઉઠ્યો હતો.

માતાપિતાને પૂછવાથી જાણવા મળ્યું કે તેમના પરિવારમાં કેટલીય પેઢીઓથી લોકો સંન્યાસ ધારણ કરતા આવ્યા છે. એમાંના કેટલાક તો પોતાની સમાધિ માટે જાતે જ ખાડો ખોદીને એમાં બેસી ગયા અને ઉપરથી માટી પૂરીને એમણે શરીર છોડી દીધું. આ કારણે તેમના પરિવારને આટલું સન્માન પ્રાપ્ત થતું, જે બાળક નાગરાજને પણ મળતું. તો હવે બાળક નાગરાજને આવો પ્રશ્ન થઇ આવ્યો -

"પણ આ રીતે સમાધિમાં બેસી જઇને, શરીર છોડી દઇને એ લોકોએ પરંપરાને કે સમાજને શું આપી દીધું?"

આ પ્રમાણે વિચારો ચાલતાં રહ્યા અને બાળક નાગરાજે જેમ-તેમ કરીને ભણવાનું પૂરું કર્યું, જેમાં તેઓ રેતીમાં આંગળીથી લખવાથી શરૂ કરીને પછી લાકડીથી, પછી શાહીથી અને છેવટે પેન વડે કન્નડ લખતાં શીખી ગયા હતા. ગણિતમાં તેઓ સરવાળા-બાદબાકી અને અપૂર્ણાંક પણ શીખ્યા હતા. પછી શાળાએ જવાનું બંધ કર્યું. પરંતુ, માતા પાસેથી આયુર્વેદનો અને પરિવારજનો પાસેથી હિંદી તથા સંસ્કૃતના વાંચન-લેખનનો તથા અંગ્રેજી બોલવાનો અભ્યાસ ચાલુ રહ્યો. ગાયો ચરાવવી, દૂધ દોહવું અને અન્ય કેટલાક ઘરકામ તેઓ કરતા રહ્યા.

કિશોર નાગરાજની ઉંમર હવે લગભગ 11 વર્ષ હતી. તેમને માતા પાસેથી આયુર્વેદ અને જ્યોતિષનું શિક્ષણ મળ્યું હતું. છેવટે એક દિવસ માતાએ તેમને શ્રીવિધાની દીક્ષા આપી (પછીથી

ગુરુજીની સહમતિ મેળવી હતી). આગમતંત્રની ઉપાસના ત્રણ પ્રકારે કરવામાં આવે છે - વિષ્ણુ આગમતંત્ર, શિવ આગમતંત્ર અને શાક્ત આગમતંત્ર. શાક્ત આગમતંત્રમાં શક્તિનાં ત્રણ રૂપોની પૂજા અને ઉપાસના કરવામાં આવે છે – બાળા, સુંદરી અને રાજરાજેશ્વરી. બાહ્યન્યાસ અને અંતઃન્યાસ વિધિથી શરીરના વિવિધ અંગોમાં દેવતાઓને સ્થાપિત કરવામાં આવે છે અને તેમની પૂજા તથા આરાધના કરવામાં આવે છે. આ વિધિથી ક્રિયાશક્તિ, ઇચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ એમ ત્રણેય શક્તિઓ જાગૃત કરવામાં આવે છે. શ્રીવિદ્યા ઉપાસનામાં કિશોર નાગરાજ રોજ 2 થી 4 કલાક પસાર કરતા. આમ, ખેતરમાં શ્રમ કરવામાં, ગાયો ચરાવવામાં, માતાજી સાથે દવાઓ બનાવવામાં, સેવા અને ઉપાસના કરવામાં કિશોર નાગરાજનો દિવસ પસાર થતો.

12થી 14 વર્ષની ઉંમરના સમયગાળામાં સંગીત પ્રત્યે રુચિ જાગી. વીણા પ્રત્યે પરિવારમાં સહમતિ હતી. અગ્રહારમાં જ બે સંગીતજ્ઞો જાણીતા હતા - શ્રી કૃષ્ણમૂર્તિ વાંસળીવાદક અને વીણાવાદક હતા તથા શ્રી ચિણપ્પા ગાયક હતા. શ્રી કૃષ્ણમૂર્તિ પાસેથી તેમણે વીણા શીખવાનું શરૂ કર્યું. તેમને રાગ તોડી ખૂબ ગમ્યો હતો.

સાથેસાથે, સ્વયંસ્ફૂર્ત રીતે તેઓએ લુહાર, સુથાર, કુંભાર અને વણકરનાં કામ શીખવાના પણ શરૂ કરી દીધા.

આ સાથે વેદ અને ઉપનિષદનું પઠન-પાઠન તથા શ્રવણ તો ચાલતું જ હતું. ઘર, પરિવાર અને મહોલ્લામાં વેદ, વેદાંત અને ઉપનિષદોનો જ ગુંજારવ નિરંતર રહેતો.

## ગુરુમિલન

ગામમાં પરંપરા હતી કે જો કોઈ બાળક યુવાન હોવાની ઘોષણા કરે તો એણે ગામની બહારના મંદિરમાં મૂકવામાં આવેલો મોટો પથ્થર ઉપાડવાનો રહેતો. એ પછી જ એને કોઈ ડૂબતાંને કે આગમાં ફસાયેલાંને બચાવવા માટે યોગ્ય ગણવામાં આવતો. મોટાભાગના બાળકો 18 વર્ષની ઉંમર પછી એ પથ્થર ઉઠાવતા, પણ કિશોર નાગરાજે 16 વર્ષ પૂરા થતાં જ એ પથ્થર ઉપાડી લીધો અને યુવાન તરીકે ઘોષિત થઈ ગયા. પરંતુ એ વાતથી પિતાજીને કંઈ ખાસ ખુશી ન થઈ. હા, તેમના શ્રમથી પિતાજી ખુશ હતા પણ તેમના ક્રિયાકલાપો અને વિચારોથી પિતાજી મોટેભાગે નાખુશ રહેતા. જ્યારે માતાજી એમના વિચારોથી પણ અને એમની સેવાથી પણ ખૂબ જ ખુશ રહેતા.

પિતાજીએ અલગ અલગ પાસાંઓ પર વિચાર કર્યો - 'આ શાળામાં બરાબર ભણ્યો પણ નથી અને વેદોના અધ્યયનમાં પણ એની વિશેષ નિષ્ઠા નથી દેખાતી. વેદવાક્યોમાં સંદેહ કરતો રહે

છે. પરંપરાગત રિવાજોનું પાલન કરવામાં પણ કોઈ વિશેષ રુચિ નથી દાખવતો.' ઘણી લાંબી વિચારણા પછી એમણે યુવાન નાગરાજની 'સુધારણા' માટે એ સમયના શૃંગેરીના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખર ભારતીજી સાથે મેળાપ કરાવવાનો નિર્ણય લીધો, જેમને આખોય પરિવાર 'ગુરુજી' માનતો હતો.

યુવા નાગરાજ જ્યારે ગુરુજીને પહેલી વખત મળ્યા ત્યારે બહુ રડ્યા હતા! ગુરુજીની ઉંમર એ વખતે લગભગ 42 વર્ષ હશે. પિતાજીએ યુવાન નાગરાજનું માથું પકડીને ગુરુજીના ચરણોમાં પછાડ્યું અને બોલ્યા -

"આ વેદાંત અને રીતિ-રિવાજોને માનતો જ નથી અને કુતર્ક કર્યે રાખે છે."

તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં કોઈ વિશેષ વાત નહોતી દેખાતી પણ યુવાન નાગરાજના આત્મસન્માનને ઠેસ પહોંચી હતી અને તેમને રડવું આવ્યું, તો રડી લીધું. ઘરે આવીને પણ રડતા રહ્યા હતા. પછી માંદા પડી ગયા. આંતરડાનો તાવ આવી ગયો હતો, જે લગભગ 42 દિવસ ચાલ્યો. માતાએ ઉપચાર કર્યો અને ઘણી સેવા કરી, જેથી તેઓ સાજા થયા. પરંતુ, એ તાવ એમની જિંદગીને એક નવો વળાંક આપી ગયો હતો, જેની યુવાન નાગરાજને પણ જાણ નહોતી.

સાજા થયાના અમુક દિવસો પછી યુવાન નાગરાજે પોતાનામાં ઘણાં પરિવર્તનો અનુભવ્યા. એમને લાગ્યું કે વેદપાઠ વ્યવસ્થિત થવા લાગ્યો હતો, શ્લોકો યાદ રહેવા લાગ્યા હતા અને સમજાવા પણ લાગ્યા હતા. હવે એમને શ્લોકોના અર્થ અંગે અનુમાન થવા લાગ્યા, અર્થ પ્રતીત પણ થવા લાગ્યા. પણ એનાથી તો નવી તકલીફ ઊભી થઈ! હવે તેમને શ્લોકોમાં આંતર્વિરોધ દેખાવા લાગ્યા. જેમ કે, 'ब्रह्म सत्यम्, जगत मिथ्या' અને 'બ્રહ્મથી જ જગત ઉત્પન્ન થયું છે' તથા 'બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ છે' – આ ત્રણેય વિધાનોમાં યુવાન નાગરાજ અટવાયા. બધાને પૂછવા લાગ્યા કે, બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ કઈ રીતે? પરિવારજનો આને 'વિતંડાવાદ' કહેવા લાગ્યા અને હેરાન-પરેશાન થવા લાગ્યા. પરિવારે શ્રેષ્ઠતમ વૈદિક પરંપરાનું સન્માન પ્રાપ્ત કરેલું હતું. યુવાન નાગરાજ જાણતા હતા કે પરિવારના સન્માનના આધારે જ ગામના વડીલો પણ તેમનું સન્માન કરતા હતા. યુવાન નાગરાજ એ જવાબદારી પણ બરાબર સમજતા હતા કે પરિવારે જે સન્માન અને પ્રતિષ્ઠા મેળવ્યા હતા તેને ધૂળ ભેગાં કરવાનો એમને કોઈ અધિકાર નહોતો. પણ પોતાના પ્રશ્નો અને જિજ્ઞાસાઓના જવાબ મેળવવાની ઉત્કંઠા ઘણી તીવ્ર હતી. આવી અસ્પષ્ટતાઓ અને 'શ્રમ, સેવા, વેદ-અધ્યયન તથા ઉપાસના'યુક્ત દિનચર્યામાં સમય વીતી રહ્યો હતો.

એ દરમિયાન મોટાભાઈ અનંત નારાયણ શર્મા પરણી ચૂક્યા હતા અને તેમણે પોતાના ત્રણ સાળાઓ સાથે મળીને સૈય્યાજીરાવ રોડ, મૈસૂરમાં સીવણનું એક કારખાનું સ્થાપ્યું હતું. યુવાન નાગરાજે બે વર્ષ ત્યાં રહીને સીવણ પણ શીખી લીધું હતું.

# વિવાહ

મોટેભાગે આવી પરિસ્થિતિઓમાં એવું જ થાય છે અને યુવાન નાગરાજની ઉંમર પણ થઈ ગઈ હતી એટલે હવે માતાપિતાએ એમના લગ્નની વાત ચલાવી. અગ્રહારથી 60-70 કિલોમીટર દૂર શ્રવણવેળગોલામાં રહેતાં શ્રી મજૈયા અને તેમના પરિવાર સાથે તેઓની ઓળખાણ હતી. શ્રી મજૈયા સંસ્કૃતના વિદ્વાન હતા અને અધ્યાપનકાર્ય કરતા હતા. એમના પુત્રી સુશ્રી નાગરત્ના જેઓ લગભગ 15-16 વર્ષનાં હતા, તેમની સાથે યુવાન નાગરાજના લગ્નનો પ્રસ્તાવ આવ્યો હતો. એ સમયની પોતાની માનસિક સ્થિતિ જોતાં યુવાન નાગરાજને લગ્નની સહેજ પણ જરૂર નહોતી જણાતી. એમણે લગ્નનો વિરોધ કર્યો. પરિવારજનો તરફથી વધુ દબાણ આવ્યું તો યુવાન નાગરાજ ગુરુજીને મળવા શૃંગેરી ગયા. કહ્યું-

"મારે લગ્ન નથી કરવા, જ્ઞાન પ્રાપ્ત કરવું છે. તમે મારા લગ્નની વાત બંધ કરાવો."

"ભલે!" ગુરુજીએ કહ્યું- "એક વર્ષ માટે તમારા વિવાહની વાત રોકાવીશ. એ દરમિયાન તમે કાશી જઈને સાધના કરો."

યુવાન નાગરાજને તો જાણે ખજાનો મળ્યો! તેમણે શૃંગેરીથી જ ઘરે એક પત્ર લખ્યો, જેમાં ગુરુજીની આજ્ઞા લખી જણાવી. અને યુવાન નાગરાજ શૃંગેરીથી સીધા કાશી જવા રવાના થયા.

વીસ વર્ષની ઉંમરે યુવાન નાગરાજ કાશી પહોંચી ગયા. કાશીમાં ક્ષેમેશ્વર ઘાટ પરની કેદારગલીમાં તેઓ રહેવા લાગ્યા. યુવાન નાગરાજે જોયું કે કાશીમાં અનેક અન્નક્ષેત્ર હતાં, જ્યાં અનેક સાધુ-સંન્યાસીઓ ત્રણેય સમયનું ભોજન લેતા હતા અને પોતપોતાની રીતે સાધના કરતા હતા. પણ યુવાન નાગરાજને અન્નક્ષેત્રમાં ભોજન લેવું સ્વીકાર્ય ન થયું. તેમણે શ્રમપૂર્વક ઉત્પાદન કરીને પોતાનું ભરણ-પોષણ કરવાનું નક્કી કર્યું. ત્યાં તેમણે સીવણકામ શરૂ કર્યું. રોજના 4-6 રૂપિયાની કમાણી થઈ જતી. બાજુની હોટલમાં 1 રૂપિયામાં શાકાહારી ભોજન લેતા અને વધેલા રૂપિયા લોકોમાં વહેંચી દેતા. આમ, રોજ રાત્રે તેઓ રૂપિયાના સંદર્ભે શૂન્યની સ્થિતિમાં પહોંચી જતા. મોટાભાગનો સમય તેઓ શાસ્ત્રોના પઠન, ભજન અને ઉપાસનામાં પસાર કરતા. શ્લોકોના અર્થ વિચારોમાં આવવા લાગ્યા ત્યારે તેઓ એને સાક્ષાત્કાર માનવા લાગ્યા અને એક સમયે તેમને લાગવા લાગ્યું કે તેમને શિવજીના દર્શન થવા લાગ્યા છે. શિવજીના દર્શનનો આ ભ્રમ લગભગ 30 વર્ષ પછી સાધના દરમિયાન દૂર થયો હતો. આમ, એક વર્ષ કાશીમાં રહીને તેઓ અગ્રહાર પાછા ફર્યા.

માતાપિતા તો રાહ જોતાં જ હતા, કન્યાપક્ષના લોકો પણ નાગરત્નાના વિવાહ યુવાન નાગરાજ સાથે કરવાની પ્રતીક્ષામાં હતા. યુવાન નાગરાજ કાશીથી પરત આવ્યા કે બધાએ મળીને 22 વર્ષની ઉંમરમાં તેમને પરણાવી દીધા. વિવાહ ઉત્સવ 7 દિવસ સુધી ચાલ્યો હતો.

યુવાન નાગરાજના માતા અને પત્નીને (સાસુ-વહુને) સારું બનતું હતું. એટલે યુવાન નાગરાજે માતાની આજ્ઞા અને પત્નીની સલાહ માનીને જીવન જીવવાનું શરૂ કર્યું. પતિ-પત્ની હંમેશાં માતા, મોટાભાઈ અને ગુરુજીની આજ્ઞા પાળતાં. એટલે કોઈપણ મુદ્દે તેમની વચ્ચે વાદ-વિવાદ નહોતો થતો.

આ જ દિવસોમાં એક બનાવ બન્યો. બાળ-વિધવા બહેનના સસરા કોઈ કારણોસર અગ્રહાર આવ્યા હતા. એક ચર્ચા વખતે તેમણે યુવાન નાગરાજને આગ્રહ કર્યો કે એમની વાતનો જવાબ યુવાન નાગરાજ એક પત્ર દ્વારા લખી મોકલે. પત્ર લખવાની વાત સાંભળીને બહેને કટાક્ષમાં કહ્યું-

"આ ભાઈની છાતી ફાડીશું તો પણ બે અક્ષર સુધ્ધાં નહીં નીકળી શકે!"

યુવાન નાગરાજને લાગી આવ્યું. તેમણે દોઢ મહિના સુધી હોસપેટ નજીક પંપાપતિમાં (હમ્પીમાં) પથ્થરની એક ગુફામાં એકાંતવાસ કર્યો. કંઈ ખાધાપીધા વિના ફક્ત નદીનું પાણી પીને તેઓ ચલાવતા. અહીં તેમને છંદોનો મર્મ સમજવાની અને છંદોબધ્ધ લખાણ લખવાની કળા ફાવી ગઈ. તેઓ કવિતા બોલવા અને લખવા માંડ્યા. પછી એમણે બહેનના સસરાને કવિતાની શૈલીમાં પત્ર લખી મોકલાવ્યો, જેનો કોઈ જવાબ આવ્યો નહોતો. આ ઘટનાનો પ્રભાવ એ પડ્યો કે કવિતા અને લેખ લખવાનો કાર્યક્રમ શરૂ થયો. અનેક આયોજનો અને સભાઓમાં તેઓ કાવ્યપઠન અને ગાયન કરતા, કેટલીય પત્રિકાઓમાં લખવા માંડ્યા. તેમની કવિતાઓ વાંચી-સાંભળીને લોકો અભિભૂત થઈ જતા. એક વખત એવું બન્યું કે દેશની સ્વતંત્રતા માટેની એક સભામાં કાવ્યપાઠ કર્યા પછી તેઓ પરિચિતો સાથે બેઠા હતા. એ વખતે અંગ્રેજ સરકાર સભામાં શામેલ લોકોને દેશદ્રોહી માનતી હતી. પોલીસે સભામાં બેઠેલાં લોકો પર ગોળીબાર કરી દીધો. યુવાન નાગરાજની ડાબી અને જમણી બાજુએ બેઠેલા બન્ને વીંધાઈ ચૂક્યા હતા. સંયોગવશ યુવાન નાગરાજ બચી ગયા હતા. તેઓ મરી ગયેલા પરિચિતોના મૃતદેહ એમના ઘરે પહોંચાડીને પોતાના ઘરે પાછા આવ્યા. આ કાવ્યયાત્રા લગભગ બે વર્ષ સુધી ચાલી. પછી તેની નિરર્થકતા સમજાતાં 'કવિતા'ને તિલાંજલી આપી દીધી.

આ દરમિયાન, લગ્નનાં બે વર્ષ પછી પ્રથમ સંતાન હરિ (નરહરિ)નો જન્મ થયો. સાસુ-સસરાની ઇચ્છાનુસાર હરિને તેમની પાસે મોકલી દેવાયો.

હવે યુવાન નાગરાજ મદ્રાસ પ્રેસીડેન્સીમાં સ્થિત વિજયવાડામાં જઈને ઉત્પાદન સંબંધિત કાર્યભાર સંભાળવા લાગ્યા અને એમાંથી રૂપિયા પણ કમાવા લાગ્યા. પરંતુ, આ કામમાં તેમનું મન લાગ્યું નહીં. વારંવાર એ જ પ્રશ્નો તેમના મનમાં વંટોળની જેમ ઘૂમરાતા -

'જો બ્રહ્મ (સત્ય) થકી જગતની ઉત્પત્તિ થઈ હોય તો આ બધું (જગત) મિથ્યા (અસત્ય) કેમ? બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ કઈ રીતે છે? જો આ બધું બ્રહ્મની જ લીલા છે તો મારા હોવા કે ન હોવાનો શું અર્થ? મારા સ્વત્વનો, મારા કર્મ કરવાનો શું અર્થ? આખરે આ બધો જીવનવ્યાપાર શા માટે?'

એટલે વિજયવાડાનું કામકાજ એક મિત્રને સોંપીને તેઓ પોતાના ગામ અગ્રહાર પરત આવી ગયા. હવે, પારિવારિક જીવન જીવતાં જીવતાં પોતાની શંકાઓના સમાધાનને પ્રાથમિકતા આપીને તેના માટે દરેક સંભવ પ્રયત્ન કરી છૂટવાનો નિર્ણય કર્યો.

## આ પાર કે પેલે પાર

બ્રહ્મ, સત્ય, જગત, અસત્ય, મિથ્યા, બંધન, મોક્ષ, સમાધિ, સંન્યાસ તથા અન્ય મુદ્દાઓ પર યુવાન નાગરાજના મનમાં અનેક પ્રશ્નોનું ઘોડાપૂર આવતું. પણ શંકા-નિવારણના કાર્યક્રમની શરૂઆત બાળપણમાં જાગેલા પ્રશ્નોથી જ કરી. પરિવારજનોને પૂછ્યું-

"આપણને પરંપરા અને પૂર્વજોના કારણે સન્માન મળે છે. આપણા પૂર્વજો સંન્યાસી થઈ ગયા અને કોઈ તો સમાધિ માટે જાતે જ ખાડો ખોદીને એમાં બેસી ગયા અને પોતાના પર માટી પૂરીને મરી ગયા. એ લોકો આપણને શું આપી ગયા?"

આ પ્રશ્નોના જવાબ આપવામાં પરિવારજનોને ખાસી તકલીફ પડવા માંડી. છેવટે તેઓએ જવાબ આપ્યો -

"શાસ્ત્રોમાં 'સંન્યાસ' વિશે લખ્યું છે કે એનાથી કલ્યાણ  થાય છે."

યુવાન નાગરાજે તો સત્ય સુધી પહોંચવાનો મક્કમ નિર્ણય કરી લીધો હતો. એથી એમણે આગળ પૂછ્યું-

"એમના સંન્યાસથી કંઈ કલ્યાણ થયું છે એનું પ્રમાણ શું?"

"તું વેદાંત બરાબર સમજ્યો નથી." આક્ષેપ થયો.

"વેદાંત બરાબર સમજવા માટે શું કરવું પડશે?"

"શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન કરવું પડે."

આ સાંભળીને યુવાન નાગરાજ વેદોનું વિધિવત્ અધ્યયન કરવા તૈયાર થઇ ગયા. તેમના મામાજીએ શૃંગેરીના શંકરાચાર્ય સહિત અનેક વિદ્વાનોને વેદોનું અધ્યયન કરાવેલું. એટલે એમની પાસેથી જ શાસ્ત્રોને સમજવાનો નિર્ણય કર્યો. યુવાન નાગરાજ ઘર છોડીને મામાજી પાસે ચાલ્યા ગયા અને વેદ-અધ્યયન શરૂ કરી દીધું.

પાંચ વર્ષના અધ્યયન પછી મામાજીએ કહ્યું કે અધ્યયન પૂર્ણ થયું. યુવાન નાગરાજના મુખે વેદ-ઉચ્ચારણ સાંભળવા લોકોની ભીડ ઉભરાતી. યુવાન નાગરાજને વેદના શ્લોકો તો કંઠસ્થ થઇ ગયા હતા પણ એમને પોતાના પ્રશ્નોના જવાબ મળી ગયા હોય એવું નહોતું બન્યું. એટલે માતાની હાજરીમાં જ યુવાન નાગરાજે મામાજી સાથે સંવાદ કર્યો -

"બંધન અને મોક્ષ શું છે?"

"આપણે માયાવશ બંધનમાં રહીએ છીએ." મામાજીએ જવાબ આપ્યો - "અને આત્મા બ્રહ્મમાં વિલય પામે છે તેને જ મોક્ષ કહેવાય છે."

"આત્મા આવે છે ક્યાંથી?"

"સ્વયં બ્રહ્મ જ આત્મારૂપે જીવોના હૃદયમાં નિવાસ કરે છે."

"જો દરેક જીવ મુક્તિ માટે, એટલે કે જન્મ-મરણના ચકરાવામાંથી મુક્તિ મેળવવા માટે સમસ્ત પ્રયાસ કરે છે, તથા એના માટે આત્માએ બ્રહ્મમાં વિલીન થવાનું જ છે તો પછી બ્રહ્મએ આત્મારૂપે જીવના હૃદયમાં બેસવાની જરૂર જ શી છે?"

હવે મામાજી અને અન્ય વિદ્વાનો એકમેકની સામે પ્રશ્નસૂચક નજરે જોવા લાગ્યા અને ક્ષોભ અનુભવવા લાગ્યા.

"બ્રહ્મ કેવી રીતે આત્મા બનીને જીવોના હૃદયમાં બેસે છે? ને જો એને જીવોના હૃદયમાં જ બેસવું છે તો પછી સ્વયંમાં વિલય પામીને મોક્ષ કેમ ઇચ્છે છે?"

આટલું અધ્યયન કરાવ્યા પછી પણ પોતે પોતાના પ્રિય ભાણાની જિજ્ઞાસા તૃપ્ત નથી કરી શક્યા એ જાણીને મામાજી વ્યથિત હતા. યુવાન નાગરાજનો ઉદ્દેશ્ય વાદ-વિવાદ કરવાનો કે શાસ્ત્રાર્થ જીતવાનો કે કોઇને જરાય દુઃખ પહોંચાડવાનો નહોતો. તેઓ તો બસ પોતાના પ્રશ્નોના સમાધાનપૂર્ણ જવાબ પ્રમાણિકતાથી ઇચ્છતા હતા. એમણે પ્રશ્નોની શૃંખલા ચાલુ રાખી -

"મેં વેદાંત (અદ્વૈત મોક્ષ)માં વાંચ્યું છે કે બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ છે. મને સમજાવો કે બ્રહ્મ જ બંધન અને મોક્ષનું કારણ કઈ રીતે છે?"

ઉપસ્થિત વિદ્વાનો પાસેથી કોઈ નિશ્ચિત ઉત્તર ન મળતાં તેઓ એ વાક્યો બોલવા લાગ્યા કે જે તેમણે શાસ્ત્રોમાં વાંચ્યા હતા. યુવાન નાગરાજના વિદ્વત પ્રશ્નોનો કોઈ સટીક ઉત્તર એમની પાસે નહોતો, છતાં હિંમત એકઠી કરીને તેઓએ જવાબ આપ્યો -

"આ બ્રહ્મજ્ઞાનથી જ સમજી શકાય."

"બ્રહ્મજ્ઞાન શું છે?"

"બ્રહ્મ અવ્યક્ત અને અનિર્વચનીય છે. ગૂંગો માણસ ગોળ ખાય તો તે ગોળના સ્વાદ વિશે કંઈ કહી ન શકે એના જેવી વાત છે."

"બોલી કે સમજી ના શકાય એવાં બ્રહ્મજ્ઞાનનો અર્થ શું? અને બોલતો માણસ પણ ગોળ તો ખાતો જ હોય છે ને!"

"આ જગત તો બ્રહ્મની લીલા છે." વિદ્વાનોએ અંતિમ દલીલ કરી.

પણ યુવાન નાગરાજ એમ ક્યાં અટકવાનાં હતા! તેઓએ અંતિમ સત્ય સુધી પહોંચવું જ હતું. વ્યંગાત્મક છટામાં તેઓ બોલ્યા-

"જુઓ, સંસારમાં જે લોકો દારૂ પીવે છે એ સરસ લીલા કરે છે! ને જે લોકો પાગલ થઈ જાય છે તેઓ તો ઘણી સારી લીલા કરે છે! તો શું આ બ્રહ્મને 'પાગલ' કે 'દારૂડિયું' માનવું?"

હવે પરિવારજનોએ હથિયાર હેઠાં મૂક્યા. વિદ્વાનોની વચ્ચે આવી ભાષા અને આવા તર્કનો પ્રયોગ કરવા છતાં, પોતાના મામાજીની સામાજિક પ્રતિષ્ઠાને કારણે જ યુવાન નાગરાજ કોઈ પણ પ્રકારની સંભવિત શારીરિક કે માનસિક સજામાંથી બચી ગયા.

પરંતુ, યુવાન નાગરાજના અંતઃકરણમાં સતત વિચાર ચાલતા રહ્યા -

'જ્ઞાનરૂપી સત્ય પરમ પવિત્ર કહેવાતું હોવા છતાં તેના ગુપ્ત હોવાનું કારણ શું હોઈ શકે? આ રીતે તો જ્ઞાનના આધારે શું નિર્ણય લેવો? મારું કુટુંબ વૈદિક પરંપરાને સમર્પિત છે અને એમની વિદ્યા ચોક્કસપણે પ્રમાણિત થઈ છે પણ વસ્તુનું પ્રમાણ તો દેખાતું નથી. 'સંન્યાસ'ના આટલા મહિમા પાછળ શાસ્ત્રો જ તો છે. બધા જ શાસ્ત્રો, વેદાંત અને ઉપનિષદ મળીને કોઈ વાસ્તવિકતાની એક સૂચના જ હોય એમ લાગે છે. જ્ઞાનનું પ્રમાણ કે સાક્ષ્ય પુસ્તકો નહીં, સ્વયં માનવ જ હોવો જોઈએ.' ઈશ્વરવાદી કે અધ્યાત્મવાદી પરંપરામાં આસ્થા હોવા છતા નાગરાજના મનમાં આ બધા પ્રશ્નોનો પર્વત ખડકાયો હતો. તેમનો હેતુ શાસ્ત્રો કે પરંપરાને ખોટાં સાબિત

કરવાનો જરાય નહોતો, તથા પરંપરા અને પરિવારના સન્માનનું તેઓ સતત ધ્યાન રાખતા. ક્યારેક તેઓ આવું પણ વિચારતા-

'શું મારી વિચારધારા યોગ્ય નથી? જો યોગ્ય છે, તો પછી કોઇ ઉત્તર કેમ નથી મળતો?'

તેમણે એ સમયના વેદમૂર્તિઓને અને ઉપનિષદ-વેદાંતના સંબંધમાં જ્ઞાનચર્ચા કરનાર લોકોને એકઠા કરીને તેમના સાંનિધ્યમાં પોતાની જિજ્ઞાસાઓ યથાવત્ રજૂ કરી. વેદમૂર્તિ વિદ્વાનોને ભેગા કરવા એ દેડકાં ભેગાં કરવા જેવું કામ લાગ્યું. પણ મામાજીની પ્રતિષ્ઠાને કારણે જ એ કામ થઇ શક્યું. એ વિદ્વાનો સાથે ચર્ચા કરવાથી અને એમના દ્વારા અપાયેલા જવાબોથી સમાધાન તો ન જ મળ્યું, સંતુષ્ટિ તો ન મળી પણ એક સલાહ જરૂરી મળી -

"આ સમજવા માટે તારે પોતે અનુભવ કરવો પડે." કોઈકે કહ્યું.

"અનુભવ કેવી રીતે થાય?"

"સમાધિમાં અનુભવ થાય."

"શેનો અનુભવ થાય?"

"જ્ઞાનનો, બ્રહ્મનો અનુભવ થાય. અજ્ઞાત જ્ઞાત થાય."

અન્ય ઘણા મહાપુરૂષો પાસેથી પણ કંઈક આવી સલાહ મળી કે સમાધિમાં જ્ઞાન થાય છે. તમામ મુદ્દાઓ પર વિચાર કર્યા બાદ યુવાન નાગરાજે પોતાના અંતઃકરણમાં સમાધિની જરૂરિયાત અનુભવી અને નક્કી કર્યું કે એમણે આ શરીરયાત્રા સમાધિ માટે અર્પિત કરવી જ પડશે. એમને પોતાના જીવન માટે આ બધા પ્રશ્નોના જવાબ જાણવા અનિવાર્ય લાગતા હતા, યથાર્થ જ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા તીવ્ર બની ગઇ હતી. આ બધા આધ્યાત્મિક પ્રશ્નોની સાથે દેશની એ સમયની રાજનૈતિક પરિસ્થિતિઓ પર વિચાર કરવાથી પણ એમને નિરાશા જ સાંપડી હતી. સ્વતંત્રતા મળ્યા પછી દેશના સંવિધાનનું નિર્માણ થયું. તેમાં રાષ્ટ્રીય જીવનને લગતાં મૂળભૂત પ્રશ્નો, જેવા કે 'રાષ્ટ્ર કોને કહીશું? રાષ્ટ્રીયતાનું સ્વરૂપ શું? રાષ્ટ્રીય ચરિત્ર કેવું હોવું જોઇએ?' વગેરેના ન કોઇ ઠોસ આધાર દેખાતાં હતા, ન એમની કોઇ વ્યાખ્યા દેખાતી હતી. છતાંય જનપ્રતિનિધિને પાત્ર હોવાનું સ્વીકૃત થયું, જેનો આધાર વોટ અને ધનને મનાયો. સંવિધાનમાં એક તરફ તો ધર્મ-નિરપેક્ષતાની વાત થઇ અને બીજી તરફ અનેક જાતિઓ, સંપ્રદાયો તથા સમુદાયોનો ઉલ્લેખ થયો. એક તરફ સમાનતાની વાતો તો બીજી તરફ આરક્ષણની જોગવાઈ. આ તમામ વિસંગતતાઓથી મુક્તિ માટે અને સ્વયંની જિજ્ઞાસાઓની તૃપ્તિ માટે તેઓ સમાધિની તૈયારી કરવા લાગ્યા.

એ વખતે એમની ઉંમર લગભગ 27-28 વર્ષ હશે. જિજ્ઞાસુ નાગરાજ જાણતા હતા કે જો પરંપરા છોડીને પોતાની ઇચ્છાનુસાર કંઇ કરવું હોય તો શાસ્ત્રોમાં વિદ્વત સંન્યાસની જોગવાઇનું

વર્ણન છે. વિદ્વત સંન્યાસમાં જવા માટે પોતાની પત્ની, માતા અને ગુરુજીની અનુમતિ જોઇએ. અનુમતિ નહીં મળે એવી આશંકા તો હતી જ પણ અનુમતિ તો લેવી જ રહી, બીજું શું કરવું?

સૌપ્રથમ ધર્મપત્ની સાથે ગોષ્ઠિ કરી. પત્ની સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને પ્રસ્તાવ મૂક્યો -

"સમાધિ માટે એકાંતવાસ જોઈશે. ફળ અને કંદમૂળ ખાવા પડશે. એકાંતવાસ અને કંદમૂળનો આહાર તમારા માટે ખૂબ જ કષ્ટદાયક રહેશે. તમારું ગુજરાન ચાલે એ માટે પર્યાપ્ત ધન છે. તમારાં માતાપિતા વૃધ્ધ થઈ ચૂક્યાં છે. તમે એમની સેવામાં રહો એ ઠીક રહેશે."

"જ્યારે આપણે પરણ્યાં હતાં...." પત્નીએ જવાબ વાળ્યો- "ત્યારે મારા પિતાજીએ દરેક પરિસ્થિતિમાં તમારી સાથે રહીને તમારી સેવા કરવાની પ્રતિજ્ઞા મને લેવડાવી હતી. બોલો, હું તમારી આજ્ઞા પાળું કે પિતાજીની?"

"આપણે ઘોર વનમાં જવું પડશે..." કોઈ તર્કસંગત દલીલ ન મળતાં તેમણે એ જ નિવેદન ચાલુ રાખ્યું- "લાકડાની મોટી બખોલમાં અથવા તો પથ્થરની ગુફામાં કે પછી કોઈ જીર્ણ-શીર્ણ ખંડેરમાં રહેવું પડશે. આપણે ત્યાં રહેતા હોઈશું, હું કંદમૂળ લેવા જંગલમાં જઇશ અને કોઈ ક્રૂર વાઘ આવીને મને ફાડી ખાશે તો તમે શું કરશો?"

"તમારું ગણિત જ ખોટું છે." પત્નીએ કહ્યું - "જો તમે જંગલમાં રહેશો તો હું પણ જંગલમાં જ રહેતી હોઈશ. હવે એ દરમિયાન વાઘ કે કોઈ જાનવર પહેલાં કોને ખાશે એ કઇ રીતે કહી શકાય? જાનવર તો કોઈપણ શરીરને પોતાનો આહાર બનાવી શકે છે. જો કોઈ એકનું શરીર આહાર બનશે તો બીજું પણ ત્યાં જ બેઠું હશે, એ પણ જાનવરનો આહાર બની જશે. એમાં આટલી કવિતા કરવાની ક્યાં જરૂર છે?"

આ જવાબ સાંભળીને નાગરાજ તો દંગ રહી ગયા હતા!

ધર્મપત્ની સાથે વાર્તાલાપ કર્યા પછી નાગરાજે સમાધિ માટે જંગલમાં જવાની મંજૂરી અંગે પોતાના પૂજનીય માતાશ્રીને વિનયપૂર્વક પ્રાર્થના કરી. માતાશ્રી પહેલેથી જ તેમના માટે ગુરુતુલ્ય હતા. માતાશ્રી પાસેથી જ નાગરાજ 'શ્રીવિદ્યા ઉપાસના'ની દીક્ષા, આયુર્વેદ અને જ્યોતિષનું શિક્ષણ પામ્યા હતા. માતાશ્રી પાસેથી આજ્ઞા માંગી તો એમણે હરખભેર આશીર્વાદ આપતાં જવાબ વાળ્યો-

"તું સ્વવિવેકથી જે નિર્ણય લઈશ, તારા માટે એનાથી વધુ સારો નિર્ણય લઇ શકે એવું આ ધરતી પર બીજું કોઇ નથી. મારા આશીર્વાદ છે કે તું જે પ્રયત્ન કરીશ એ સદાને માટે શુભ રહેશે, તું એમાં સફળ થઈ જઇશ."

માતાશ્રીના આશીર્વાદ લીધા બાદ તેમણે ગુરુજીની અનુમતિ લેવાનો વિચાર કર્યો. શૃંગેરી પહોંચીને ગુરુજીની (શૃંગેરી મઠના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખર ભારતીજીની) સમક્ષ ઉપસ્થિત થયા. એમણે જોયું કે ગુરુજી તો ધ્યાનમાં નિમગ્ન હતા. જિજ્ઞાસુ નાગરાજે ઘણી રાહ જોઈ અને પછી રાત્રિના રોકાણ સ્થળે જતા રહ્યા. બીજા દિવસે પણ ગુરુજી ધ્યાનમાં હતા. આખો દિવસ રાહ જોયા પછી યુવાન નાગરાજ રાત્રિના રોકાણ સ્થળે જતા રહ્યા. ત્રીજા દિવસે ગુરુજીએ આંખો ખોલી. જિજ્ઞાસુ નાગરાજે અનુમતિની પ્રાર્થના કરી. ગુરુજીએ આશીર્વચન આપ્યા -

"તમારો સંકલ્પ બરાબર છે. તમે સફળ થશો. નર્મદાના કિનારે ભજન (સાધના) કરો."

જિજ્ઞાસુ નાગરાજ તો જાણે ઝૂમી ઊઠ્યા! તરત જ ગુરુજીને પ્રણામ કરીને પરત ફર્યા. આ રીતે ગુરુજીના આશીર્વાદ તો મળ્યા જ અને સાથે સાધનાનું સ્થળ પણ નક્કી થઈ ગયું. પરંતુ, અમુક સમય પછી ધ્યાનમાં આવ્યું કે, સાધનાનું સ્થળ નક્કી ક્યાં થયું છે? નર્મદાનો કિનારો અમરકંટકથી શરૂ થઈને સમુદ્ર સુધી લગભગ 2000 કિલોમીટર લાંબો છે! આમાં સાધના કરવા ચોક્કસ કયા સ્થળે જવું? આ બાબતે સ્પષ્ટીકરણ કરવા ગુરુજી પાસે પાછા જવું યોગ્ય ન લાગ્યું. (ગુરુજી તો ફરી ધ્યાનમાં નિમગ્ન થઈ ગયા હશે!) સ્વ-વિવેકથી જ નર્મદાના ઉદ્‌ગમ સ્થળ અમરકંટક જઈને સાધના કરવાનું નક્કી કર્યું.

માતાજી અને ગુરુજીની આજ્ઞા મળ્યા બાદ જિજ્ઞાસુ નાગરાજે પોતાના પૂજ્ય પિતાજી સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો. પિતાજી બોલ્યા-

"તું વેદ અને અધ્યાત્મમાં માને છે, તો અમે જીવીએ ત્યાં સુધી તારા જપ-તપ, યજ્ઞ અને સમાધિ અમારી સેવા જ છે. વેદ-વિચારને ધ્યાનમાં રાખતાં એનું પાલન કરવું એ જ તારો ધર્મ છે."

પિતાજીની આજ્ઞાનું પાલન તો કરવાનું જ હતું, એટલે યોગ્ય સમયે સમાધિ માટે નીકળવાનું જિજ્ઞાસુ નાગરાજે નક્કી કર્યું. આ દરમિયાન સસરાનો મત લેવો યોગ્ય માન્યો. સસરાએ કહ્યું-

"60 વર્ષની ઉંમર પછી વાનપ્રસ્થમાં જવાય."

"તમારી વય કેટલી થઈ છે?"

"62 વર્ષ."

"તો..." જિજ્ઞાસુ નાગરાજે ધીરેથી પૂછી લીધું - "તમે અહીં શું કરો છો?"

સસરા નિરુત્તર થઈ ગયા!

બધાના પરામર્શના ફળસ્વરૂપે જિજ્ઞાસુ નાગરાજે સમાધિ માટે અમરકંટક જવાની યોજના શરૂ કરી. પિતાજીનાં વચનોને સ્મરણમાં રાખીને પોતાના બધા કાર્યક્રમો, લેવડ-દેવડ વગેરે

આટોપવામાં લાગી ગયા. યોજના અંતર્ગત, સાધના-કાળમાં પત્ની અને બાળકોના ભરણપોષણ માટે પોતાની સંપત્તિ વેચીને ધન એકઠું કર્યું. એક મિત્ર, જે નિઃસંતાન હતો તે પાછું આપવાની શરતે એ ધન ઊછીનું લઈ ગયો.... લઈ ગયો એ લઈ ગયો! અમરકંટક જવાની યોજના નિષ્ફળ જતી જોઈને નાગરાજ ચિંતિત થયા. પતિને ચિંતિત જોઈને પત્નીએ કહ્યું-

"રૂપિયા-પૈસાની આટલી ચિંતા હતી તો સંપત્તિ વેચી જ શું કામ? સાધના કરવા જવું છે ને? ચાલો, હું તમારી સાથે જ છું. હું અને બાળકો પણ કંદમૂળ ખાઈને ચલાવી લઈશું."

આ સાંભળીને નાગરાજને સધિયારો મળ્યો. પછી કેટલાક દિવસોમાં જ, લગભગ 1947ના અંતમાં, યોગસંયોગવશ માતાશ્રીનું શરીર શાંત થઈ ગયું. એના એક જ મહિના પછી પિતાજીનું શરીર શાંત થયું. પરિવારની પરંપરાનુસાર મરણોપરાંત કરવામાં આવતાં કર્મોની શિષ્ટતાનો નિર્વાહ એક વર્ષ ચાલ્યો.

આખરે, ડિસેમ્બરના અંતિમ દિવસોમાં નાગરાજ પત્ની અને એક વર્ષની પુત્રી સાથે અગ્રહાર છોડીને, મદ્રાસ (આજનું ચેન્નાઈ) – વિશાખાપટ્ટનમ – બિલાસપુર – પેંડ્રા રોડ થઈને અમરકંટક પહોંચ્યા. પછી આ શરીરયાત્રામાં એક કે બે વખત જ અગ્રહાર આવવાનું થયું હતું.

## અમરકંટક

ભારતવર્ષમાં તીર્થસ્થાનોએ જઈને પુણ્ય મેળવવાની પરંપરા ખૂબ જૂની છે. મધ્યપ્રદેશના અનૂપપુર જિલ્લામાં મૈકલ પર્વતરાશિમાં આવેલું અમરકંટક એ કેદારનાથ જેવું જ, પણ થોડુંક ઓછું પ્રચલિત તીર્થસ્થાન છે. અહીંથી નર્મદા ઉદ્‌ભવે છે, જે ભારતની હંમેશાં જળસભર રહેતી નદીઓમાંની એક છે. જેમ ઉત્તર ભારતમાં ગંગા નદીની પૂજા થાય છે તેમ મધ્ય ભારતમાં નર્મદા સન્માનનીય છે.

દેશના અન્ય તીર્થસ્થાનોની જેમ, આજે અમરકંટક પણ એક પર્યટન-સ્થળ બનતું જાય છે. લગભગ 10,000ની જનસંખ્યાવાળા, પર્વતોથી ઘેરાયલા અને જંગલમાં સ્થિત આ સ્થળે યાત્રિકોને રોકાવા માટે ઉત્તમ હોટલની સુવિધાઓ છે તથા એમનાં મન લોભાવવા માટે અહીં સરકાર દ્વારા ઘણાં પ્રાકૃતિક સ્થળો વિકસિત કરવામાં આવી રહ્યા છે. અહીં પહોંચવા માટે વિવિધ પ્રકારના વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે. પેંડ્રા રોડથી જીપ અથવા કાર થકી અમરકંટક પહોંચી શકાય છે. જબલપુર, શહડોલ તરફથી બસ દ્વારા આવી શકાય છે. નર્મદા-ઉદ્‌ગમમાં સ્નાન કરવા લાખો પર્યટકો દર વર્ષે આવે છે.

પરંતુ, આજથી લગભગ 65 વર્ષ પહેલાં અમરકંટક એક નાનું ગામડું હતું, જેની જનસંખ્યા 150 આસપાસ હશે. એ વખતે અમરકંટક પહોંચવા માટે આવાગમનના આધુનિક વાહનો નહોતાં. પેંડ્રા રોડથી દરેક વસ્તુ ઘોડા દ્વારા અમરકંટક આવતી. યુવાન નાગરાજ પત્ની અને દીકરીને સાથે લઈને, સામાન ઘોડા પર લાદીને, વાઘયુક્ત ઘોર જંગલમાં, પેંડ્રા રોડ સ્ટેશનથી લગભગ 30-35 કિલોમીટર ઊંડે સુધી પગદંડી પર ચાલતાં ચાલતાં 31મી ડિસેમ્બર, 1949ની રાત્રે 8 વાગે અમરકંટક પહોંચ્યા. ત્યાં 'રામબાઈ ધર્મશાળા'માં તેઓ રાત રોકાયા. 1 જાન્યુઆરી, 1950નો સૂર્યોદય થયો. એ દિવસોમાં અમરકંટકમાં ખૂબ જ ઠંડી પડતી હતી. વહેલી સવારે તો જાણે ધરતીએ, વૃક્ષોએ, ઝાડીએ સફેદ ચાદર ઓઢી હોય એવું લાગતું. પ્રભાતે જ જિજ્ઞાસુ નાગરાજ નર્મદા મંદિરે ગયા અને નર્મદાકુંડમાં સ્નાન કર્યું. જરા રાહતની અનુભૂતિ થઈ, પણ સાથે જ પોતાના લક્ષ્ય તરફની યાત્રાનો પણ વિચાર આવ્યો.

શરૂઆતમાં તો અહીંના લોકો તેમને 'મદ્રાસી સાધુ' કહેતાં. થોડાં દિવસો સુધી તેમના વ્યવહાર અને કાર્યને નિહાળ્યા પછી 'મહારાજ' કહીને બોલાવવાનું શરૂ કર્યું. મહારાજ નાગરાજ વિચારવા લાગ્યા-

'અમરકંટક નિર્જન વન હશે એમ માનીને હું અહીં આવ્યો હતો. પણ અહીં કેટલાક લોકો નિવાસ કરે છે. તો શું મારે અધિક નિર્જન વન તરફ જવું પડશે કે અહીં જ સાધના થઈ શકશે?'

આ વિચારો સાથે તેમણે અહીંના લોકોની રહેણીકરણી, બોલચાલ અને વિચાર-વ્યવહાર પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. તેમણે જોયું કે મોટાભાગના પ્રૌઢ લોકો સવારે નર્મદામાં સ્નાન કરતા હતા. પછી ઘરે જઈને ભોજન કરીને બીડી, સિગારેટ અને તમાકુનું સેવન કરતા; ગંજીપો કે ચોપાટ રમવા બેસી જતા. કોઈ લોકો તો એવા પણ હતા કે જેઓ ગાંજા અને ભાંગનું સેવન પણ કરતા. મહારાજ નાગરાજને મન આ અત્યંત વિચિત્ર હતું. તેમણે વિચાર્યું -

"આવા વૃદ્ધો સાથે હું રહીશ તો તેઓ મને પણ તેમની પ્રવૃતિમાં જોડાવાનો આગ્રહ કરશે. હું તેમની સાથે જોડાવાની ના પાડીશ તો તેઓ મને કજાત માણસ માનશે અને જો હું તેમની સાથે જોડાઈશ તો તો સાધના થઈ રહી! હવે શું કરું? અહીં જ રહું કે અહીંથી ભાગી નીકળું?"

30 વર્ષીય મહારાજ નાગરાજે સ્વયંને ગંભીર દ્વિધામાં જોયા. તેમની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી. આ માનસિક ઉથલ-પાથલ વચ્ચે તેઓ સ્થાનિક આદિવાસીઓ સાથે એક મહિનો ફર્યા. જંગલમાં થનારી ઘણી બધી જડીબુટ્ટીઓ, કંદમૂળ અને ભાજી તેમણે ઓળખી કાઢ્યાં. જેના વિશે તેઓ નહોતા જાણતાં તેના વિશે ત્યાંના વનવાસીઓ સાથે વાતચીત કરીને જાણી લીધું. એ દિવસોમાં નર્મદાને કિનારે બ્રાહ્મી ખૂબ થતી હતી, જેના ગુણ વિશે તેમણે આયુર્વેદમાં વાંચેલું. આમ, મહારાજ નાગરાજ એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે અમરકંટકમાં કંદમૂળ

ખાઈને જીવિત તો રહી શકાશે. પણ આ લોકો સાથે કેવી રીતે રહેવું? હંમેશની જેમ આ સંકટ પણ તેમણે પત્ની સમક્ષ રજૂ કર્યું. પત્નીએ સલાહ આપી -

"કેમ હેરાન થાઓ છો? એમને એમનો કાર્યક્રમ કરવા દો; એમને એમની રીતે જીવવા દો અને તમે તમારું કામ કરો. તમે સવારથી સાંજ સુધી સાધના કરો. કોઇ તમારી પાસે આવશે નહીં અને તમારે કોઈની પાસે જવાનું નહીં."

આ સાંભળીને મહારાજ નાગરાજ પ્રસન્ન થયા.

અમરકંટકના નિવાસીઓ સાથે તાલમેલ થયો તો એક નવું સંકટ આવી પહોંચ્યું. વર્ષ 1950માં પાકા રસ્તાઓ, આજની જેમ મોબાઈલ ફોન, ટી.વી. જેવું કશું જ ન હોવાં છતાંય દૂર દૂર સુધી એ વાત ફેલાઇ ગઈ કે એક 'મદ્રાસી સાધુ' ગૃહસ્થ હોવા છતાં સમાધિ પ્રાપ્ત કરવાની હિંમત કરી રહ્યા છે. એ દિવસોમાં અમરકંટક ગંભીર સાધનાસ્થળ મનાતું. અનેક સાધુ-સાધકો આ અસ્તિત્વના મર્મને સમજવાના પ્રયાસમાં લાગેલા રહેતા. 'મદ્રાસી સાધુના સમાચાર'ને ઘણાંએ હસી નાખ્યા તો ઘણાંના અહંકાર પર ફટકો પડ્યો કે સુખ-સુવિધા ભોગવનારો એક ગૃહસ્થ એ પામવાની કલ્પના પણ કઈ રીતે કરી શકે કે જે એમને પોતાને સંસારનાં સુખ અને સુવિધાઓનો ત્યાગ કરવા છતાં ઉપલબ્ધ નથી થયું. કોઈકે એમને અવળા રસ્તે ચડાવી દીધા હશે એમ માનીને એક સાધુ છેક હલ્દ્વાનીથી ચાલીને અમરકંટક આવ્યા – મહારાજ નાગરાજને મળવા માટે અને એમને સમય ન વેડફવાની સલાહ આપવા માટે. તેમણે કહ્યું -

"જુઓ, આ રીતે પોતાને, પત્નીને અને નાનાં બાળકોને કષ્ટ આપવાથી કંઇ પ્રાપ્ત નથી થવાનું. શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે કે ગૃહસ્થ વ્યક્તિને સમાધિ પ્રાપ્ત ન જ થઇ શકે. તો પછી આ રીતે જીવન વેડફવામાં કોઇ ઔચિત્ય છે?"

"મેં મારું આ જીવન મારી જિજ્ઞાસાઓના જવાબ મેળવવા માટે ખપાવી દેવાનું નક્કી કર્યું છે." મહારાજ નાગરાજે વિનમ્રતાથી કહ્યું- "પ્રશ્નોના જવાબ મેળવ્યા વિના જીવન જીવવાનું મને કોઈ જ ઔચિત્ય નથી દેખાતું. મારા આ સંકલ્પમાં પત્ની અને સંતાનો મારી સાથે છે."

"પણ આવા અસફળ પ્રયત્નને શરૂ જ શા માટે કરવો?" સાધુએ પ્રશ્ન કર્યો.

"મને વિદ્વાનોએ અને મારા ગુરુજનોએ આશ્વાસન આપ્યું છે કે સમાધિમાં મને જ્ઞાન પ્રાપ્ત થશે." મહારાજ નાગરાજે વિશ્વાસપૂર્વક કહ્યું - "જેના ફળસ્વરૂપે મારા પ્રશ્નોના જવાબો પણ મળશે. તો, સમાધિ માટે પ્રયત્ન કર્યા સિવાય મારી પાસે બીજો કોઇ વિકલ્પ જ નથી. પછી ભલે ને આ પ્રયાસમાં આ જીવનની આહુતિ આપવી પડે."

આ સાંભળીને અને મહારાજ નાગરાજની દૃઢ નિષ્ઠા જોઇને પેલા સાધુ પાછા જતા રહ્યા.

# સાધના

આમ, બધા પાસાંઓ પર ગહન વિચાર કરીને, અનેક પાસાંઓની ચકાસણી કરીને, સ્વ-વિવેકથી નિર્ણય કર્યો કે આરંભિક સ્થિતિમાં સવારના 6થી સાંજના 6 સુધી સાધના કરવી. હવે ગામલોકોની સ્વીકૃતિથી એમનું પરિવાર સાથે રહેવાનું ‘રામબાઈ ધર્મશાળા’માં ગોઠવાયું તથા સાધનાના સ્થળ તરીકે બાજુનું એક જૂનું મકાન નક્કી કર્યું, જે ‘કાઠબંગલા’ નામે ઓળખાતું.

સાધનાનો પ્રથમ દિવસ હતો. દેશભરમાં શિવરાત્રિનો તહેવાર ઉજવાતો હતો. જેવી સાધના શરૂ કરી કે તરત જ દરવાજામાં, છ-સાત ફૂટ દૂર એક સફેદ રંગનો સાપ દેખાયો. એ સાપ દરવાજામાંથી દોઢેક ફૂટ અંદર આવ્યો. લગભગ 15-20 મિનિટ સુધી તે ફેણ ચડાવીને બેસી રહ્યો અને પછી દરવાજામાંથી બહાર નીકળી ગયો. મહારાજ નાગરાજને અનુભૂતિ થઈ કે ઓરડો અનેક પ્રકારની સુવાસથી મહેકી ઊઠ્યો હતો. તેમણે આને માત્ર એક શુભ સંકેત માન્યો અને સાધના જાળવી રાખી. ચમત્કારને નમસ્કાર કરવાને તો તેઓ બાળપણથી તિલાંજલી આપી ચૂક્યા હતા. એટલે એક ક્ષણ માટે પણ એવો કોઈ વિચાર એમના મનમાં ન આવ્યો.

માતા દ્વારા પ્રદાન થયેલી અને ગુરુજી દ્વારા સમર્થિત થયેલી શ્રીવિદ્યા ઉપાસના વિધિથી સાધના નિરંતર ચાલતી રહી. સમય જતાં અહીંના લોકો તેમને પોતાના પરિવારના સભ્ય માનવા લાગ્યા હતા. છતાં પણ કંદમૂળ ખાતી વખતે અને ઘરની જરૂરિયાતોની પૂર્તિ માટે લોકોને રૂપિયા ન આપી શકાય એ વખતે મહારાજ નાગરાજ રંજ અનુભવતા. રૂપિયાના અભાવે દોઢ-બે વર્ષ તેઓ સાધનામાં મન ન લગાવી શક્યા. અગ્રહારમાં રૂપિયા લઈને ભાગી ગયેલો મિત્ર તેમને વારંવાર યાદ આવતો અને એ સ્મરણ તેમને વિચલિત કરી મૂકતું. આ સ્થિતિમાં પણ પત્નીની વાતોએ તેમનો ઉત્સાહ વધાર્યો, પત્નીએ કહ્યું -

“રૂપિયાની આટલી ચિંતા હતી તો સાધના કરવા આવ્યા જ કેમ? તમતમારે સાધના કરો, બાકી બધું હું સંભાળી લઈશ.”

પત્ની સાથે થયેલા આ સંવાદનું સ્મરણ કરતાં, એ સન્માનજનક સંબંધને ઓળખતા મહારાજ નાગરાજે સ્વયંને અત્યાધિક સૌભાગ્યશાળી માન્યા તથા પોતાના પત્નીને વરદાનરૂપ સ્વીકાર્યા. તેઓ જોઈ શક્યા કે પાછળના આઠ વર્ષોમાં, લગ્નથી લઈને અમરકંટક આવવા સુધી, તેઓ તેમના પત્નીના અભિભાવક હતા, પણ હવે એમના પત્ની એમના અભિભાવકની ભૂમિકામાં પ્રસ્તુત થઈ રહ્યા હતા. આ ભૂમિકા એમના પત્નીએ સાધનાકાળથી માંડીને જીવનની અંતિમ ક્ષણ (2009) સુધી નિભાવી હતી. આ પ્રસંગ પછીથી તેઓએ પત્નીને ‘મહાત્મા’ કહીને સંબોધવાનું શરૂ કરી દીધું. (આજે, 25/02/2014ની સવારે જ્યારે આ વાત નીકળી ત્યારે આદરણીય બાબાજીએ કહ્યું, ‘મારી સાધનામાં જીવનના પ્રથમ 30 વર્ષ સુધી મારાં માતાશ્રીનું, પછી પત્નીનું અને પછી દીકરી સુ.શ્રી અમ્બાજીનું અતિ મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.’)

કેટલાક દિવસો પછી દીકરીનું આકસ્મિક અવસાન થઇ ગયું. મહારાજ નાગરાજે એ સમયની એમની આસ્થાપ્રધાન માનસિકતાથી દીકરીના અવસાનને નિયતિ માનીને સહજ રીતે સ્વીકારી લીધું હતું.

આ રીતે ડગમગ થતી પરિસ્થિતિઓ વચ્ચે, ધીરે ધીરે, કંદમૂળ દ્વારા પેટ ભરીને પણ સાધના કરતા રહ્યા. અહીં આવ્યાને દોઢેક વર્ષ થયાં પછી એક દિવસ ગામલોકો મહારાજ નાગરાજ પાસે આવ્યા અને બોલ્યા-

"તમે આમ કંદમૂળ ખાઓ છો એ અમારાથી જોયું નથી જતું. હવેથી અમે તમને જમાડીશું."

"તમે લોકો મારી સાધનામાં અડચણ બનશો તો હું અહીંથી ચાલ્યો જઇશ."

હવે ગામલોકોને મહારાજ નાગરાજની અને એમના પરિવારની નિષ્ઠા પર વિશ્વાસ થઈ આવ્યો હતો. તેઓ નહોતા ઇચ્છતા કે મહારાજ નાગરાજ અમરકંટક છોડે. એટલે ગામલોકોએ મળીને જંગલમાં જમીનનો એક ટુકડો એમને ફાળવ્યો. શરૂઆતમાં તો ગામલોકોએ જ ખેતર ખેડ્યું, વાવણી કરી, કાપણી કરી અને અનાજ મહારાજ નાગરાજના ઘરમાં મૂકી દીધું. પછી એ જ અનાજ વાવીને મહારાજ નાગરાજે વધુ ખેતરો બનાવ્યા અને ઉપજ વધારી. ન તો રૂપિયા લાવ્યા કે ન ખર્ચ્યા, ત્યાં જ ઊગાડ્યું અને ત્યાં જ વાવ્યું.

ત્યારે પણ તેઓ એક સમય તો કંદમૂળ જ ખાતા. સંતાનો થયા પછી પણ આ ક્રમ ચાલતો રહ્યો. તેઓ ત્રણેય સંતાનો (મોટા દીકરાનું નામ માર્કંડેય, દીકરીનું નામ શારદાઅમ્બા અને નાના દીકરાનું નામ લક્ષ્મીપ્રસાદ) સાથે જંગલમાં જતાં અને બહુ મજાથી ફળ અને કંદ તોડી લાવતાં, જેને હિંદીમાં ગુલર, વટ, કરૌંદે, સફેદ મૂસલી અને મલાઈકંદ કહે છે. ઘરમાં જાતજાતનાં ભોજન નહોતાં બનતાં; ક્યારેક ભાત બની જતાં, અથવા તો ફક્ત રોટલી બનતી. ઘરમાં વાસણો 2-4 જ હતા. એટલે મોટભાગે તો બધા એક જ થાળીમાં જમી લેતાં.

જેમણે સાધના કરવાનો જરાક પણ પ્રયત્ન કર્યો હશે અથવા એના વિશે જરા અમથું જાણ્યું હશે એમને અંદાજ હશે જ કે સાધના કરવી એ કેટલું કપરું કામ હોય છે. મહારાજ નાગરાજે એક પ્રેરણાવશ સૂર્યત્રાટક કરવાનો નિશ્ચય કર્યો. સતત ચાર દિવસ સુધી, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી, સૂર્ય સામે એકધારું જોઈ જ રહ્યા. આંખોની દુર્દશા નોંતરી લીધી. એવું લાગવા માંડ્યું હતું કે હવે બાકીનું જીવન અંધાપામાં જ પસાર કરવું પડશે. પણ સંયોગવશ બન્યું એવું કે એ જ વખતે એક માણસ મહારાજ નાગરાજને ઘી, દૂધ, દહીં અને સાથે એક છાબડી ભરીને ગુલબકાવલી ફૂલોની ભેટ આપી ગયો. એની પત્નીને એક અસાધ્ય બીમારીમાંથી મહારાજ નાગરાજે ઉગારી હતી. માતાશ્રી પાસેથી પ્રાપ્ત કરેલ આયુર્વેદશિક્ષણમાં ફૂલોના રસ કાઢવાનું અને એનો આંખો માટે ઉપયોગ કરવાનું મહારાજ નાગરાજને યાદ હતું. ગુલબકાવલી ફૂલોનો પ્રયોગ સફળ રહ્યો અને આંખો ફરીથી સ્વસ્થ થઇ ગઇ.

ધ્યાન કરતી વખતે ઊંઘ આવવા લાગતી તો તેઓ અમરકંટકની ઠંડીમાં પણ બરફયુક્ત પાણીથી ભરેલા મોટા પીપડામાં ઊભા રહીને સાધના કરતા. દિવસ દરમિયાન જ્યારે પણ પેશાબ કે શૌચ જવું પડતું, તો એના પછી પણ સ્નાન કરવું પડતું. તેઓ દિવસમાં ઘણી વખત સ્નાન કરતા.

એમના લક્ષ્ય પ્રત્યેની એમની નિષ્ઠાની પરાકાષ્ઠા તો એ વાતથી દેખાય છે કે જ્યારે ધ્યાનમાં સતત બેસી રહેવાને કારણે પગ સૂજી ગયા અને પીડા થવા લાગી, ત્યારે તેમણે વિચાર્યું - 'જો આ પીડા દૂર ન થઈ તો શરીર છોડી દઈશ. સાધનામાં સાથ ન આપે એવું શરીર શા કામનું?' મનના મજબૂત સંકલ્પને કારણે અને અમુક ઘરેલુ ઉપચારોને કારણે એ પીડા સમાપ્ત થઈ ગઈ અને સાધના આગળ વધવા લાગી.

ત્રણેય સંતાનોનાં પાલન-પોષણમાં, એમને શાળાએ મોકલવામાં અને ખેતીકામમાં તો તેઓ પત્નીનો સહયોગ કરતા જ હતા અને સાથે તેઓએ સાધનાની નિરંતરતા પણ જાળવી રાખી હતી. તેઓ બાળકોને રમાડતા, એમની સાથે દોડાદોડી કરતા, ખેતરે લઈ જતા, ખેતર ખેડતા અને પછી 12 કલાક સાધના પણ કરતા. પત્ની દ્વારા ઘરની સારસંભાળ, ગૌપાલન, ઘરખર્ચ થતાં અને પતિ-સેવા થતી.

## સમાધિ

શાસ્ત્રોમાં આગમતંત્ર ઉપાસના થકી ત્રણ શક્તિઓના જાગરણનું વર્ણન છે - ક્રિયાશક્તિ, ઇચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ. પણ આ શક્તિઓનું જાગરણ થવાથી શું થાય એની મહારાજ નાગરાજને કોઈ સ્પષ્ટ સૂચના નહોતી; હતી તો બસ ગુરુતુલ્ય માતાજી અને ગુરુજી દ્વારા પ્રદાન થયેલી સાધનાવિધિમાં ઊંડી આસ્થા. સાધનાક્રમના પ્રથમ ચરણમાં પ્રાર્થના અને પૂજા-પાઠની વિધિ મુખ્ય રહી, જેના લગભગ 5 વર્ષના અભ્યાસ પછી મહારાજ નાગરાજનું મન સાધનામાં બરાબર લાગવા માંડ્યું હતું. દ્વિતીય ચરણમાં ધ્યાનવિધિ મુખ્ય રહી, પણ સાથે પૂજા-પાઠ અને અર્ચના-પ્રાર્થનાની વિધિ તો ચાલતી જ રહી. એમાં પરિપક્વ થતાં થતાં, વધુ 5 વર્ષ સુધીમાં પૂજા-પાઠ અને અર્ચના-પ્રાર્થના ધીરે-ધીરે ઓછાં થતાં ગયાં અને તેની જગ્યાએ ધ્યાન સતત 12 કલાક સુધી લાગવા માંડ્યું.

સાધનાક્રમમાં પછીનાં 5 વર્ષોમાં ધ્યાનની સ્થિતિનો સમયગાળો 12 કલાકથી વધીને 18 કલાક થઈ ગયો તથા પૂજા-પાઠ અને પ્રાર્થના-અર્ચનાની હવે જરૂર નહોતી રહી. પછીનાં 5 વર્ષોમાં ધ્યાન સમાધિમાં વિલય પામવા લાગ્યું. સાધનાના લગભગ 20 વર્ષ થતાં સુધીમાં 12થી 18 કલાક સુધી સમાધિની સ્થિતિ બનવા લાગી. સમાધિસંપન્ન હોવાનું ભાન સમાધિ પછી શરીરચેતના

આવવાથી અને ચાલવા-ફરવાની ક્રિયાઓથી થતું. સમાધિમાં શરીરની સંવેદનાઓનું ભાન નહોતું રહેતું, સ્થળ અને સમયનું ભાન પણ નહોતું રહેતું. સમાધિનું સ્મરણ જ બનેલું રહેતું.

એક વખત એવું થયું કે સમાધિ દરમિયાન એક વાવાઝોડું આવ્યું. ઓરડાનો દરવાજો માત્ર દીવાલોના ટેકે ઊભો હતો. વાવાઝોડાના કારણે દરવાજો પડ્યો. દરવાજો મહારાજ નાગરાજ પર પડ્યો. તૂટેલા દરવાજાનો એક અણીદાર ભાગ તેમની કમરમાં ઘૂસી ગયો. લોહી વહેવા લાગ્યું. પણ સમાધિની સ્થિતિ રહી ત્યાં સુધી મહારાજ નાગરાજને કંઇ જ ખબર ન પડી. સમાધિ પછી શરીરનું ભાન થયા બાદ જ એમણે કમરમાં વેદના અનુભવી. પછી તેનો ઉપચાર કર્યો.

સમાધિ વિશેનો પોતાનો અનુભવ મહારાજ નાગરાજ કંઈક આ રીતે વર્ણવે છે -

'સમાધિની સ્થિતિમાં મેં જોયું કે મારાં આશા, વિચાર અને ઇચ્છા કે જે સામાન્ય સ્થિતિમાં નિરંતર દોડતાં રહેતાં કે 'મારે કંઈક પામવું છે', 'મારે કંઈક કરવું છે' અને 'મારી પાસે કંઈક છે'; એ ત્રણેય ચૂપ થઇ ગયા. ભૂત અને ભવિષ્યની પીડા અને વર્તમાનનો વિરોધ સમાપ્ત થઈ ગયા. એનાથી મને સમજાયું કે મને સમાધિ થઇ છે. સમાધિ પહેલાં જે વ્યક્તિએ મારું ધન પચાવી પાડ્યું હતું, તેના પ્રત્યેનો વિરોધ સમાપ્ત થઈ ગયો. આને મેં ઉપલબ્ધિ માની, પણ મારી જિજ્ઞાસા શાંત નહોતી થઈ. મારા પ્રશ્નોના જવાબ નહોતા મળ્યા.'

# સંયમ

મહારાજ નાગરાજે સ્વીકાર્યું કે સમાધિની સ્થિતિ તો પ્રાપ્ત થઈ, પણ જે લક્ષ્યની પૂર્તિ માટે સાધના શરૂ કરી હતી તે હજી પ્રાપ્ત નહોતું થયું. એક દિવસ જિજ્ઞાસા સંતોષાશે (બ્રહ્મજ્ઞાન થશે) એ પ્રતીક્ષામાં તેઓ દરરોજ 12-18 કલાક સમાધિસ્થ રહેવા લાગ્યા. આ રીતે કેટલાય મહિનાઓ પ્રશ્નોના જવાબ, જ્ઞાન કે બ્રહ્મજ્ઞાનની પ્રતીક્ષામાં વીતી ગયા પણ એમને સમાધિમાં બ્રહ્મજ્ઞાન ન થયું. પછી એમને શંકા થઈ કે, "મને સમાધિ થઈ કે નહીં એની ચકાસણી કઈ રીતે કરવી? હવે જો હું એમ કહું કે 'સમાધિમાં બ્રહ્મજ્ઞાન નથી થતું' તો મારી વાત કોણ માનશે? કેમ કે શાસ્ત્રોમાં તો લખ્યું છે કે સમાધિમાં બ્રહ્મજ્ઞાન થાય છે. પણ મને સમાધિ થઈ છે એને પ્રમાણિત કઈ રીતે કરી શકાય?"

આ પ્રકારની માનસિક સ્થિતિમાં તેમને સ્મરણ થયું કે શાસ્ત્રાનુસાર સમાધિની ખાતરી 'સંયમ'થી થશે. 'પતંજલિ યોગસૂત્ર'માં 'સંયમ' વિધિનો ઉલ્લેખ છે. પરંતુ, મહારાજ નાગરાજે યોગસૂત્રમાં ઉલ્લેખિત વિધિને ઉલટાવીને 'સંયમ' કરવાનો નિશ્ચય કર્યો. અહીં મહારાજ નાગરાજે ફરીથી સ્વ-વિવેકથી વિધિનું નિર્માણ કર્યું. એમણે તો શાસ્ત્રોના અધ્યયનથી ઉત્પન્ન થયેલા પ્રશ્નોના

નિવારણ માટે શરીરયાત્રા અર્પિત કરવાનો નિશ્ચય પહેલેથી કરી જ લીધો હતો. એમને તો લક્ષ્ય પામવાની ધૂન લાગેલી હતી. એટલે પતંજલિ યોગસૂત્ર 'અપ્રાપ્તને પ્રાપ્ત' કરવા જેવું કે સિદ્ધિ જેવું પ્રતીત થયું અને 'અજ્ઞાતને જ્ઞાત' કરવા માટે તેને ઉલટું કરીને અજમાવ્યું. તેઓએ 'ધારણા ધ્યાન સમાધિ ત્રયમ્ એકત્રત્વાત્ સંયમ' સૂત્રને ઉલટું કરીને 'સમાધિ ધ્યાન ધારણા ત્રયમ્ એકત્રત્વાત્ સંયમ' સૂત્ર બનાવ્યું. આ વિધિથી પછીના લગભગ 2 વર્ષોમાં સંયમ ક્રિયા સંપન્ન થઈ. 5 વર્ષ સુધી તેઓ સંયમ ક્રિયા કરતા રહ્યા અને છેવટે... લક્ષ્ય પ્રાપ્ત થયું; અજ્ઞાત જ્ઞાત થયું. ધીરે ધીરે આ સંપૂર્ણ અસ્તિત્વ એના વાસ્તિવક સ્વરૂપમાં દેખાવા લાગ્યું, સમજાવા લાગ્યું. 'સંયમ'માં સ્થિત થયા પછી અસ્તિત્વને સમજવાની પ્રક્રિયાનું વર્ણન મહારાજ નાગરાજે કંઈક આ રીતે કર્યું છે...

ધીરે ધીરે પ્રકૃતિ આપોઆપ મારી સમક્ષ પ્રસ્તુત થવા લાગી. ધરતી એના સ્વરુપમાં સામે આવી. વનસ્પતિઓ એના સ્વરુપમાં સામે આવી. જીવસંસાર એના સ્વરુપમાં સામે આવ્યો. માનવસંસાર એના સ્વરૂપમાં મારી સમક્ષ પ્રસ્તુત થયો. પહેલાં આવી ધરતી. પછી એવી અનંત ધરતીઓ આવી. આ અંદાજે મહિનાભર ચાલ્યું હશે. જાણે કોઈ ફિલ્મ જોતાં હોઈએ એમ મને સંસાર દેખાઈ રહ્યો હતો. એમાં આગળ જતાં એક પથ્થર દેખાયો. એ વિસ્તરતો ગયો. જાણે ચૂનો ઓગળતો હોય તેમ એ પીગળતો ગયો. પીગળીને ફેલાતો ગયો. એ ફેલાતો ફેલાતો એ સ્થિતિમાં પહોંચી ગયો કે હવે તેનો દરેક ભાગ સ્વચાલિત સ્થિતિમાં દેખાતો હતો. એ સ્વચાલિત અનેક વસ્તુઓને 'પરમાણુ' નામ આપ્યું. આમ, મેં પરમાણુને જોયો.

... એક દિવસ મને સંયમમાં દેખાયું કે પરમાણુઓ આપોઆપ એક હારમાં ગોઠવાઈ ગયા. એક, બે, ત્રણ, ચાર,... એમને હું ગણી શકતો હતો. અમુક સંખ્યા પછી દેખાયું કે કેટલાક પરમાણુઓ અજીર્ણ હતા. જે પરમાણુઓ પોતાનામાંથી કેટલાક પરમાણુ-અંશોને બહાર કાઢવા માંગે છે એમને મેં અજીર્ણ પરમાણુ નામ આપ્યું. એની પહેલાં કેટલાક પરમાણુઓને ભૂખ્યાં પરમાણુ સ્વરુપે જોયાં, જે કેટલાક પરમાણુ-અંશોને પોતાનામાં સમાવી લેવા માંગે છે. આ બન્ને પ્રકારનાં પરમાણુઓ વચ્ચે મેં એક એવો પરમાણુ પણ જોયો જે પોતાના પૂંજાકારે ફરી રહ્યો છે. જ્યારે બાકી બધા પરમાણુઓ પોતાની જગ્યા પર જ છે. જ્યારે પૂંજાકારે ફરતા પરમાણુને જોયો ત્યારે સમજાયું કે એની ગઠનતૃપ્તિ થઈ ગઈ છે. આ તૃપ્ત પરમાણુને 'ગઠનપૂર્ણ પરમાણુ' નામ આપ્યું... એ જ 'ચૈતન્ય એકમ' છે, એ જ 'જીવન' છે...

... રાસાયણિક તત્ત્વોના ઊંડાણમાં જવાથી સમજાયું કે એના મૂળમાં જળ છે. કોઈ પણ ધરતી પર પ્રથમ યૌગિક વસ્તુ જળ છે. જળ ધરતી પર જ ટકે છે. ધરતી સાથે મળીને જળ અમ્લ અને ક્ષાર બનાવે છે. કોઈ નિશ્ચિત માત્રામાં અમ્લ અને ક્ષાર મળીને 'પુષ્ટિતત્ત્વ' બનાવે છે, તો અન્ય કોઈ નિશ્ચિત માત્રામાં મળીને તે 'રચનાતત્વ' બનાવે છે એ જોયું. પ્રચલિત ભાષામાં 'રચનાતત્ત્વ'ને 'હૉર્મોન' અને 'પુષ્ટિતત્ત્વ'ને 'પ્રોટિન' કહે છે...

... પછી પ્રાણકોષિકાના સ્વરૂપને જોયું. પ્રાણકોષિકાને એના મૂળ સ્વરૂપમાં, યૌગિક ક્રિયાના સ્વરૂપમાં મારી સન્મુખ આવતાં ચિત્ર સ્વરૂપે હું જોઈ રહ્યો. એમાં મને બહુ પ્રસન્નતા થતી

હતી. આ રીતે વસ્તુઓનું વિસ્તારથી અધ્યયન થતું રહ્યું. એના સિવાય બીજું 'વાંચવા' જોઈએ જ શું? આ જ તો 'વાંચવાનું' છે! આ રીતે 'વાંચતાં-વાંચતાં' માનવ આવ્યો. માનવમાં પ્રાણકોષિકા થકી રચિત શરીર જોયું, એને સમજ્યો. પ્રાણકોષિકા કેવી રીતે બને છે એ પણ મને સ્પષ્ટ થયું. પ્રાણકોષિકાના મૂળમાં પ્રાણસૂત્ર અને પ્રાણસૂત્રના મૂળમાં પુષ્ટિતત્ત્વ તથા રચનાતત્ત્વ હોય છે.

... પ્રાણસૂત્રોમાં જ્યારે શ્વસન-પ્રશ્વસન પ્રક્રિયા શરૂ થાય ત્યારે તેઓ જાણે ઝૂમી ઊઠતાં હતાં અને એ ખુશાલી સાથે તેમાં એક રચનાવિધિ ઉભરી આવતી હતી. એ રચનામાં તેઓ સંલગ્ન થઈ જતા હતા. એ પછી 'બીજ-વૃક્ષ ન્યાય' વિધિથી તેમની પરંપરા બની. એ જ ખુશાલીને પરિણામે પ્રાણસૂત્રોમાં પરિવર્તન આવ્યાં અને નવી રચનાવિધિઓ નીકળી. નવી રચનાઓ થઈ. એ રચનાઓએ પણ 'બીજ-વૃક્ષ ન્યાય' વિધિથી પોતાની પરંપરા રચી. આ રીતે અનેક રચનાઓ પ્રાણસૂત્રો થકી થઈ...

... સંયમ કાળમાં અધ્યયન પૂર્ણ કરતાં મને 5 વર્ષ લાગ્યા. જ્યાં સુધી મેં એમ ન માન્યું કે મારું અધ્યયન પૂર્ણ થઈ ગયું છે, ત્યાં સુધી આ દ્રશ્યો પુનરાવર્તિત થતાં રહ્યા. મેં માન્યું કે નિયતિ સ્વયં પ્રગટનશીલ છે, એમાં કંઈ જ રહસ્ય નથી...

... સ્થૂળમાં સ્થૂળ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ એમ બધું જ જોયા પછી મેં નિર્ણય કર્યો કે 'આ જ અસ્તિત્વ છે' અને 'આ વ્યાપકમાં સમ્પૃક્ત પ્રકૃતિ છે'. આ વાતનો મને પૂર્ણ વિશ્વાસ થયો ત્યારે મેં 'સંયમ' ક્રિયા પૂર્ણ થયાનો સ્વીકાર કર્યો.

આમ, મહારાજ નાગરાજને એમના બધા જ પ્રશ્નોના જવાબ મળી ગયા હતા...

અસ્તિત્વ કેમ છે, કેવું છે?

બ્રહ્મ અને જગતનો શું સંબંધ છે?

માનવ કેવો છે, શા માટે છે?

મોક્ષ શું છે?

આ બધા જ અને આના જેવા અન્ય તમામ પ્રશ્નોના જવાબ મહારાજ નાગરાજને ઉપલબ્ધ થઈ ગયા હતા. એ કહેવું જરાય અતિશયોક્તિ નહીં ગણાય કે સમસ્ત માનવજાતિ માટે એક નવું 'દર્શન' ઉપલબ્ધ થયું હતું. સાર રૂપે....

૧) પરંપરામાં આદર્શવાદ રહસ્યમાં સપડાયેલો હતો અને આધુનિક કાળમાં ભૌતિકવાદ તર્કમાં જ સમેટાઈ ચૂક્યો હતો. આ બન્ને પ્રયાસોથી માનવજાતિનું કલ્યાણ ન થવાના ફળસ્વરૂપે 'વિકલ્પ'ના રૂપમાં આદરણીય નાગરાજજીએ 'અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન' અથવા 'મધ્યસ્થ દર્શન' પ્રતિપાદિત કર્યું. અસ્તિત્વ સહઅસ્તિત્વ છે. અસ્તિત્વમાં જ વિકાસક્રમ છે, વિકાસ છે, જાગૃતિક્રમ છે, જાગૃતિ છે અને જાગૃતિની નિરંતરતા છે. ब्रह्म सत्यम्, जगत शाश्वत्।

૨) પ્રત્યેક માનવ ચૈતન્ય એકમ છે, જે 'જીવન' અને 'શરીર'નું સંયુક્ત સ્વરૂપ છે. 'જીવન' એક ગઠનપૂર્ણ પરમાણુ છે. પરમાણુમાં વિકાસપૂર્વક ગઠનપૂર્ણતા છે. જાગૃતિક્રમમાં જીવનમાં

અન્ય બે પૂર્ણતાઓ છે - ક્રિયાપૂર્ણતા અને આચરણપૂર્ણતા, જે માનવ-પરંપરામાં જ ઘટિત થાય છે.

3) જ્ઞાનના અભાવમાં જ માનવ ભ્રમિત રહે છે. ભ્રમ અતિવ્યાપ્તિ, અનાવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષ છે. ભ્રમ-મુક્તિ જ મોક્ષ છે.

૪) મધ્યસ્થ દર્શનના મૂળ પ્રતિપાદનમાં સહઅસ્તિત્વ દર્શન જ્ઞાન, જીવન જ્ઞાન અને માનવીયતાપૂર્ણ આચરણ જ્ઞાન છે. સહઅસ્તિત્વ દર્શન જ્ઞાન એ જ બ્રહ્મજ્ઞાન છે, જે શિક્ષણ-વિધિથી અધ્યયનગમ્ય છે. જ્ઞાનથી જ માનવ અનુભવસંપન્ન થાય છે, બધા જ આયામોમાં સમાધાનસંપન્ન થાય છે. સર્વતોમુખી સમાધાનસંપન્નતા, અનુભવસહિત સમત્વ સર્વશુભ પ્રમાણ જ સમાધિ છે.

૫) જ્ઞાનસંપન્નતાના પ્રમાણ છે – અનુભવ-પ્રમાણ, વ્યવહાર-પ્રમાણ અને પ્રયોગ-પ્રમાણ. આ જ સંયમ છે. એમના આધારે જ જીવનયાત્રા સફળ થયાનું પ્રમાણ છે.

આ રીતે જ્ઞાનસંપન્ન (અનુભનસંપન્ન) થવાથી મહારાજ નાગરાજને પ્રશ્નવિહિન, ભૂલવિહિન, વિરોધવિહિન, ભ્રમવિહિન અને અપરાધવિહિન જીવન જીવવાની સમજણ પ્રાપ્ત થઇ ગઈ. આ 'સમજણ'થી પરમાનંદની, અત્યાધિક તૃપ્તિની અનુભૂતિ થઈ. સ્વયંમાં 'કંઈક' પામ્યાના ભાવથી તેઓ ભરાઈ ગયા. એ સાથે જ આ પહેલાં, માનવજાતિના ઇતિહાસમાં જે કોઈ મહાપુરૂષોએ પૂર્ણતા માટે પ્રયત્ન કર્યો હતો તે સૌ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી તેઓ ઓતપ્રોત થઈ ગયા અને એમને વિચાર આવ્યો -

"જે જ્ઞાન મને પ્રાપ્ત થયું છે એ મારા એકલાનું નથી, સર્વ માનવનું છે અને માનવજાતિના પુણ્યવશ ઘટિત થયું છે. માનવનું આ જ્ઞાન તેમને જ અર્પણ કરવાનું છે."

તરત જ તેમને વિચાર આવ્યો કે સહુથી પહેલાં તો તેમણે પોતે આ (જ્ઞાન) પ્રમાણે જીવીને તેને પ્રમાણિત કરવાનું છે. એટલે તેઓ 'પ્રશ્નમુક્ત, ભૂલમુક્ત, વિરોધમુક્ત, ભ્રમમુક્ત અને અપરાધમુક્ત, એટલે કે 'સમાધાન, સમૃદ્ધિ, અભય અને સહઅસ્તિત્વ' વિધિથી જીવવાની યોજના બનાવવા લાગ્યા. એ સાથે જ, આ પ્રમાણે જીવવું એ દરેક માણસની જરૂરિયાત છે એમ સમજાતાં તેમણે ('સમાધાન, સમૃદ્ધિ, અભય અને સહઅસ્તિત્વ'ને 'માનવલક્ષ્ય' સ્વરૂપે ઓળખીને) આ જ્ઞાનના લોકવ્યાપીકરણની યોજના બનાવવાનો નિશ્ચય કર્યો.

# નિશ્ચિત આચરણ

ઘણી વખત એવું બને છે કે ઘરમાં કોઈ વસ્તુ ખોવાઈ જાય અને શોધતાં શોધતાં ક્યારેક એ ખોવાયેલી વસ્તુ તો જડે જ અને સાથે અન્ય કોઈ જરૂરી વસ્તુ પણ મળી આવે. કંઈક એવું જ મહારાજ નાગરાજ સાથે પણ થયું. તેમને તેમના પ્રશ્નોના ઉત્તર તો મળ્યા જ, સાથે માનવનું સાર્વભૌમ નિશ્ચિત આચરણ (માનવત્વ), માનવ-પરિવાર વ્યવસ્થા, પરિવારમૂલક સ્વરાજ વ્યવસ્થા અને અખંડ સમાજ તથા સાર્વભૌમ વ્યવસ્થાના સ્વરૂપ પણ સ્પષ્ટ થયાં. અત્યાર સુધી મહારાજ નાગરાજનો મોટાભાગનો સમય ધ્યાન-સાધના માટે સમર્પિત હતો. હવે એમણે પરિવારની આહાર, આવાસ અને અલંકાર સંબંધિત જરૂરિયાતો સહઅસ્તિત્વવિધિથી પૂરી કરવાનું શરૂ કર્યું, જે પ્રયાસ છેવટે તો અખંડ સમાજ અને સાર્વભૌમ વ્યવસ્થાથી જોડાતો હતો.

સમાજમાં મહાપુરુષ કે ગુરુ કહેવાતા માનવોની જિંદગીને નિરખવાનો અવસર આપણને મળે જ છે અને મોટાભાગે તો આપણે જોઈએ છીએ કે એમનું આચરણ દિવસ અને વર્ષના સમય પ્રમાણે બદલાતું રહે છે. ક્યારેક તેઓ બહુ ખુશ અને નાચતાં-ગાતાં જોવા મળે છે તો ક્યારેક એકદમ ચૂપ જોવા મળે છે. ક્યારેક કોઈની સાથે પ્રેમપૂર્વક વર્તતાં દેખાય છે તો ક્યારેક ક્રોધિત, ક્યારે બહુ ઉત્તેજિત થઈ જાય છે; ક્યારેક એકદમ તટસ્થ હોય છે, ક્યારેક સમાજ અને રાજકારણના ઉદ્ધારની વાતો કરે છે તો ક્યારેક વળી સંસારને મોહ-માયા ગણાવીને એને ત્યાગવાની વાતો કરે છે. ક્યારેક સાર્વજનિક જીવન જીવે છે તો ક્યારેક એકાંતવાસ કે અજ્ઞાતવાસમાં જતા રહે છે. આ લોકોના વર્તન વિશે નિશ્ચિતરૂપે કંઈ કહેવું અઘરું છે. લગભગ બધું એમના મન પર નિર્ભર કરે છે. પરંતુ, જે લોકો બાબાજીની સાથે રહ્યા છે અથવા તેમના સંપર્કમાં આવ્યા છે એ લોકો જાણે છે કે બાબાજીના આચરણ બાબતે બધું જ નિશ્ચિત છે. ધ્યાનાકર્ષણ કરાવવાની તેમની પદ્ધતિ પણ નિશ્ચિત છે – વઢવું. એમની સાથે વાર્તાલાપ કરતી વેળા કોઈ જિજ્ઞાસુના વિચારોની રજૂઆતમાં તાલમેલનો જો અભાવ દેખાય તો બાબાજી તરત જ ઊંચા અવાજે બોલીને તેનું ધ્યાન દોરે, જે વઢવા જેવું લાગે. જેમ ઉપર કહ્યું છે તેમ જાગૃત માનવનું આચરણ નિશ્ચિત હોય છે, જેને સાર્વભૌમ માનવીયતાપૂર્ણ આચરણ કહી શકાય. બાબાજીના જીવનમાં માનવીયતાપૂર્ણ આચરણ પ્રમાણિત થયું છે. જો બાબાજીના સંબંધ અથવા સંપર્કમાં આવેલ દરેક વ્યક્તિ સાથે બાબાજી દ્વારા થયેલો વ્યવહાર દર્શાવતા પ્રસંગોનું વર્ણન કરવા બેસીએ તો આ પુસ્તક ગ્રંથમાં પરિવર્તિત થઈ જાય અને એ કામ પણ બહુ લાંબું થઈ પડે. પણ એમના જીવનમાં અને દરેક સાથેના એમના વ્યવહારમાં જે નિશ્ચિતતા રહી છે એની ઝલક આ સંક્ષિપ્ત વર્ણનથી પણ મળે જ છે...

**<u>સ્વધન</u>** : સ્વધન માટે ઉત્પાદન બાબતે લોકોએ ઘણી વખત તેમને કહેતાં સાંભળ્યા જ છે કે, 'સ્વધન મેળવવા માટે હું એટલી પદ્ધતિઓ જાણું છું કે જેટલા માથામાં વાળ છે.'

તેઓ યુવાવસ્થામાં સીવણ, સુથારીકામ, ગૌપાલન, ખેતી, કુંભારીકામ અને લુહારીકામ જેવા કૌશલ્યો શીખીને આ વાતનું પ્રમાણ પણ આપી ચૂક્યા હતા. અમરકંટકમાં તેમણે ખેતીને

સ્વધનનું મુખ્ય સાધન બનાવ્યું હતું. તેમણે 80 વર્ષની ઉંમર સુધી જાતે જ શ્રમ કરીને પ્રાકૃતિક (રસાયણ કે કીટનાશકોના ઉપયોગ વિનાની) ખેતી કરી. ઉપરાંત, તેઓ આયુર્વેદના માધ્યમથી લોકોની અસાધ્ય બીમારીઓ દૂર કરવાનું કામ પણ કરતા રહ્યા. શરૂઆતમાં તો તેઓ લોકોને જડીબુટ્ટીઓ આપીને તેમનો ઈલાજ કરતા, પછીથી તેઓ આયુર્વેદિક ઔષધિઓનું ઉત્પાદન પણ કરવા લાગ્યા.

**ઉપકાર** : એમની દરેક અનુભૂતિ, વિચાર, કાર્ય, વ્યવહાર... અરે, એમનો દરેક શ્વાસ ઉપકાર માટે સમર્પિત છે એ જોઈ શકાય છે. ત્રણ પ્રકારે ઉપકાર સમજી શકાય – સમજેલું (યથાર્થતા, વાસ્તવિકતા અને સત્યતા) સમજાવવું, શીખેલું (કૌશલ્ય) શીખવવું અને કરેલું (કાર્ય) કરાવવું. એમાં પણ અખંડ સમાજ સાર્વભૌમ વ્યવસ્થાના હેતુથી અને સમકાલીન પરિસ્થિતિ જોતાં માનવમાં સમજણનો અભાવ હોવાથી સમજાવવું એ પ્રાથમિક જરૂરિયાત છે. આદરણીય બાબાજી સમજાવવા, શીખવવા અને કરાવવા હંમેશાં તત્પર રહ્યા છે. આજે તો 'જીવનવિદ્યા શિબિર' (સાત દિવસનો એક કાર્યક્રમ કે જેમાં 'મધ્યસ્થ દર્શન'નો પરિચય તે પ્રમાણે જીવનાર વ્યક્તિ દ્વારા આપવામાં આવે છે) ચલાવનાર ઘણા લોકો છે. આરંભમાં તો બાબાજી પોતે શિબિર ચલાવતા. કહેવાય છે કે પહેલી વ્યક્તિ જાગે ત્યારથી તેઓ ચર્ચા શરૂ કરી દેતાં તો છેક છેલ્લી વ્યક્તિ સૂઈ જાય ત્યારે ચર્ચા બંધ કરતા.

સમજાવવા માટે તેઓ કોઈપણ ભેદભાવ વિના, કોઈને પણ, ક્યાંય પણ મળવા માટે તત્પર રહેતા તથા શરીરને આરામ આપવાની ખાસ ચિંતા કર્યા વિના તેઓ ક્યારેક ચાલતા જતા રહેતા, ક્યારેક સાઈકલ પર, ક્યારેક સ્કૂટર પર તો ક્યારેક બસ અથવા રેલ્વેમાં મુસાફરી કરી લેતા. જ્યાં સૂવાનું કહેવામાં આવે ત્યાં સૂઈ જતા અને જેવું ખાવાનું મળ્યું એવું (પણ શુદ્ધ શાકાહારી) ખાઈ લેતા. તેમણે ક્યારેય રૂપ, ધન, બળ કે પદ; જાતિ, ધર્મ, મત કે સંપ્રદાયના આધારે કોઈનીય સાથેના વ્યવહારમાં સન્માનનો ભેદ નથી રાખ્યો. તેઓ જોતાં તો કેવળ વ્યક્તિની સમજવાની ભૂખ અને એની તૈયારી. તેઓ હંમેશાં બાળક, યુવાન, પ્રૌઢ, વૃદ્ધ, જ્ઞાની, વિજ્ઞાની, અજ્ઞાની, ધનિક અને નિર્ધન એમ દરેક સમક્ષ સમાન રીતે પ્રસ્તુત થયા. સમજાવવાનું અને અધ્યયન કરાવવાનું વ્યક્તિની પાત્રતા અનુસાર રહેતું.

લોકોના રોગ દૂર કરવાના કામમાં પણ તેઓ એ જ લોકો પાસેથી વળતર લેતા કે જે લોકો આપવામાં સક્ષમ હોય. અમરકંટકના ગ્રામવાસીઓ પાસેથી, અક્ષમ લોકો પાસેથી, જિજ્ઞાસુઓ પાસેથી અને સામાજિક કાર્યમાં લાગેલા લોકો પાસેથી તેમણે કદી ઉપચારના રૂપિયા નથી લીધા. બાબાજીના ઘરમાં જિજ્ઞાસુઓ અને સમાજસેવકોને રહેવા-જમવા માટેની તથા જરૂર પડ્યે તેમના ઉપચાર માટેની વ્યવસ્થા હંમેશાં રહેતી. ઘણી વખત તો તેમને રૂપિયા અને કપડાં પણ આપતા.

સ્વધનમાંથી પરિવારની જરૂરિયાત ઉપરાંત વધેલું ધન તેઓ પુસ્તકોના છાપકામમાં, ઘણા જિજ્ઞાસુઓના ઘરને આર્થિક મદદ કરવામાં તથા અછોટી(રાયપુર)માં અધ્યયનમાં લાગેલા લોકોની

વ્યવસ્થામાં જરૂર પ્રમાણે ખર્ચતા. પોતાના કે પરિવારના કોઈ કામ માટે બીજા પાસેથી રૂપિયા લેવાનો તો પ્રશ્ન જ નથી આવ્યો. આ મુદ્દા પર ચર્ચા થતી ત્યારે તેઓ કહેતા- 'બહારથી એક પૈસો પણ મારા ઘરમાં નથી આવ્યો.'

**<u>પરિવાર</u>** : સમાધિ-સંયમ પછી બાબાજી ન તો આદર્શવાદી / અધ્યાત્મવાદી પરંપરા અનુસાર ત્યાગી કે વિરક્ત બન્યા, ન તો તેઓ ધનાઢ્યો દ્વારા પ્રદત્ત અને આધુનિક સુવિધાઓથી પરિપૂર્ણ આશ્રમમાં રહ્યા. સમગ્ર પૃથ્વીને પોતાનો પરિવાર સમજતાં બાબાજી પોતાના પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર-પૌત્રીઓ સાથે પારિવારિક વ્યવસ્થામાં જ જીવી રહ્યા છે. સાથેસાથે જિજ્ઞાસુઓ પણ પરિવારના સભ્યોની જેમ જ બાબાજી સાથે રહે છે. જિજ્ઞાસુઓ માટે હંમેશાં ભોજન, ઔષધિ અને રહેવાની સગવડ ઉપલબ્ધ રહી છે. બાબાજી ન્યાયપૂર્વક પરિવારમાં જીવ્યા છે. તેઓ પરિવારના સભ્યોને દર્શન સમજવા માટે પ્રેરિત કરતા રહ્યા છે. તેઓએ કદી એવું નક્કી નથી કર્યું કે પહેલાં મારા પરિવારના લોકો જ દર્શન સમજી લે, પછી બીજા લોકોને સમજાવવામાં આવશે. જે માનવને સમજવું છે તેને સમજાવવા તેઓ સદૈવ તત્પર રહ્યા છે, પછી ભલે એ સાથે રહેનાર પરિવારનો સભ્ય હોય કે બૃહદ પરિવારનો સભ્ય હોય.

સૌથી મોટા પુત્ર શ્રી નરહરિ (જેમને સાધના પહેલાં સસરા પાસે મોકલી દેવાયા હતા તે) બેંગ્લોરમાં રહે છે. ઘરમાં રહેનાર સદસ્યો છે - મોટા પુત્ર શ્રી માર્કંડેયજી (દાદાભાઈ) અને તેમનાં પત્ની શ્રીમતી સુનીતાજી, પુત્રી સુશ્રી શારદાઅમ્બાજી (જેઓને સૌ અમ્બાદીદી નામે ઓળખે છે), નાના પુત્ર લક્ષ્મીપ્રસાદજી (મુન્નાભાઈ) અને તેમનાં પત્ની શ્રીમતી પૂજાજી. દાદાભાઈ અમરકંટક નગરપંચાયતમાં કામ કરે છે. લક્ષ્મીપ્રસાદજીનું પોતાનું ફેબ્રિકેશનનું કારખાનું છે. અમ્બાદીદીએ સંકલ્પ કર્યો છે કે તેઓ બાબાજીની સેવા અને 'દર્શન'ની સ્થાપનામાં શરીરયાત્રા સમર્પિત કરશે. આથી તેઓએ લગ્ન નથી કર્યાં. અમ્બાદીદી બાબાજીની અથાક સેવા કરવા ઉપરાંત જિજ્ઞાસુઓના રહેવા-જમવાની વ્યવસ્થા પણ કરે છે તથા આયુર્વેદના કામમાં બાબાજીની મદદ કરે છે. ઘરમાં સૌ સાથે મળીને (જેમાં ઘરની મહિલાઓ અને જિજ્ઞાસુઓનો સમાવેશ થાય) રસોડાની અને ઘરની અન્ય વ્યવસ્થાઓ સંભાળી લે છે.

અમ્બાદીદીને યાદ છે કે જ્યારે તેઓ અને ભાઈ નાનાં હતા ત્યારે બાબાજી તેમને અને ભાઈને ખભા પર બેસાડીને એક વહેણ પાર કરીને શાળાએ મૂકવા જતા, પછી ખેતરમાં કામ કરતા અને દવાઓ બનાવતા. બાબાજી સવારે સૌની સાથે ચા પીતા. એમની સાથે દોડતા-રમતા. સૌ સાથે મળીને એક થાળીમાં જમી લેતાં. ક્યારેક સાંજે એમને એકડી અને ઘડિયા પણ શીખવતા. એમની સાથે તેઓ જંગલમાં જતા અને લાકડાં લઈ આવતા, લાકડાં કાપતા. તેઓએ જંગલમાં જ રહેવાનું અને કામ કરવાનું હતું, તો બાળકોનાં મનમાંથી જંગલી જાનવરોનો ભય દૂર કરવા માટે ક્યારેક જંગલમાં બાળકોને એકલાં મૂકીને પોતે સંતાઈ જતા. બાબાજીએ તેમને કે કોઈને પણ કંઈ કરવાનો કે ન કરવાનો આદેશ નથી આપ્યો. અમ્બાદીદીએ લગ્નની ના પાડી તો કદી બાબાજીએ તેમના પર કોઈ દબાણ નથી કર્યું. અધ્યયન માટે હંમેશાં પ્રેરિત કરતા રહ્યા.

વર્ષ 1984માં જ્યારે સુનીતાભાભી વહુ બનીને ઘરમાં આવ્યાં ત્યારે તેઓ બાબાજી વિશે કશું જ જાણતાં નહોતાં. આમેય તેમને સાધુઓ અને પંડિતોમાં કોઈ શ્રદ્ધા નહોતી. પણ જ્યારે તેમણે બાબાજીને ઘરમાં આવેલાં જિજ્ઞાસુઓ સાથે વાતચીત કરતાં સાંભળ્યાં ત્યારે બાબાજી એમને ન તો સાધુ જેવા લાગ્યા, ન તો પંડિત જેવા. તેઓ બાબાજીને એક દાર્શનિક તરીકે સ્વીકારી શક્યા. વિચારોમાં એમને બાબાજી દાર્શનિક લાગતા હતા, તો વ્યવહારમાં પિતા લાગતા હતા. બાબાજી ઝડપથી આખા ઘરમાં ફરતા અને દરેક વ્યક્તિનું તથા દરેક વ્યવસ્થાનું ધ્યાન રાખતા. સુનીતાભાભી શરૂઆતમાં તો સસરા-વહુ સંબંધવશ બાબાજીને કંઈક પૂછવામાં ખચકાતા. પછી ધીમે ધીમે તેમણે બાબાજી પાસેથી સમજવાનું શરૂ કર્યું. હવે તેઓ બાબાજીને ભગવાન સમાન માને છે અને શિબિર કર્યા બાદ અધ્યયનમાં નિમગ્ન છે. 1985માં તેમને સમજાતું નહોતું કે નવી નવી પુત્રવધુ હોવાના લાડને કારણે તેમની પાસે વધુ કામ કરાવવામાં નહોતું આવતું કે અન્ય કોઈ કારણ હતું, પણ આજે તેઓ ઘરની બધી વ્યવસ્થાઓમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

1991માં જ્યારે પૂજાભાભીના પિતાજી એમની દીકરીના લગ્નનો પ્રસ્તાવ લઈને બાબાજીના પરિવારને મળ્યા, ત્યારે ઘરનું વાતાવરણ જોઈને તેઓ ખૂબ પ્રસન્ન થયા. ઘરમાં અનાજની ગૂણો પડેલી જોઇને તેમને આ પરિવાર ખેડૂત પરિવાર લાગ્યો. દીકરીને આ ઘરમાં પરણાવવામાં તેઓએ જરાય વિલંબ ન કર્યો. જુલાઈ, 1991માં જ નાનીવહુ તરીકે પૂજાભાભી ઘરમાં આવ્યાં. આવતાવેંત જ તેઓને બાબાજીની વિદ્વતાનો ખ્યાલ આવ્યો. બાબાજી કદી તેમને પરંપરાગત સસરા જેવા ન લાગ્યા. તેઓ શરૂઆતથી જ બાબાજી સાથે મોકળાશથી વાત કરી શકતાં અને આજ સુધી કોઈપણ બાબતે ફરિયાદ નથી થઇ. તેમની એ જ ઇચ્છા છે કે તેઓ પણ બાબાજીની જેમ જીવન જીવી શકે. જે રીતે બાબાજી પરિવારજનો અને આગંતુકો સાથે મધુર સંબંધો જાળવીને જીવ્યા છે એવું જ જીવન જીવવાની પૂજાભાભીની ઇચ્છા છે. તેઓ પણ ઘર અને પરિવારની જવાબદારીઓ સંભાળવા ઉપરાંત શિબિર કરી ચૂક્યાં છે અને અધ્યયનમાં ધ્યાન આપી રહ્યા છે.

શ્રી માર્કંડેયજી બાબાજીને પિતારૂપે પામીને પોતાના જીવનને સાર્થક અને ધન્ય માને છે અને તેઓને પોતાના ગુરુ સ્વરુપે જુએ છે. પરિવારમાં એવી પરંપરા રહી છે કે દરેકને શૃંગેરી મઠના શંકરાચાર્યજી દ્વારા દીક્ષા આપવામાં આવે. પણ જો કોઈ કારણવશ શંકરાચાર્યજી પાસેથી દીક્ષા લેવી સંભવ ન હોય તો પિતાજી પાસેથી દીક્ષા લેવી. બાળપણથી જ તેઓ બાબાજીને સમાધિની સ્થિતિમાં જોતાં આવેલા. તેઓ જોઈ શકતાં કે સમાધિ વખતે બાબાજીને શરીરનું ભાન ન રહેતું. હવે તેઓ એ પણ સ્વીકારે છે કે જ્યાં બાબાજીનું જ્ઞાન સમજવા માટે દૂર-દૂરથી લોકો આવી રહ્યા છે ત્યાં તેઓ અને પરિવારના અન્ય સભ્યો દર્શનનું ઊંડાણપૂર્વક અધ્યયન નથી કરી શક્યા, છતાં તે સૌ બાબાજી પાસેથી ઘણું શીખ્યા છે. ‘સમસ્યા છે તો તેનું સમાધાન પણ છે જ’ એ શીખ તેઓને મુખ્ય લાગે છે. આ કારણે તેઓને જીવનમાં કદી કોઇ સમસ્યા નથી દેખાઇ, જેને તેઓ બાબાજીની કૃપા સમજે છે. હવે તેઓ નક્કી કરી રહ્યા છે કે 2015થી સમજવામાં લાગી જવું અને આ દર્શનના લોકવ્યાપીકરણમાં ભાગીદાર થવું.

શ્રી લક્ષ્મીપ્રસાદજી (મુન્નાભાઈ) બાબાજીને એક યોગી સ્વરૂપે જુએ છે. તેમણે બાબાજીને ક્યારેય સમય બગાડતા નથી જોયા. બાબાજીના સાધનાકાળ દરમિયાન, જ્યારે મુન્નાભાઈ લગભગ 5-6 વર્ષના રહ્યા હશે, તેમણે જોયેલું કે બાબાજી રાતના 8 વાગ્યાથી માંડીને સવારના 4 વાગ્યા સુધી સાધના કરતા. દિવસે તેઓ ઉત્પાદન-કાર્ય કરતા, એમની સાથે અને અન્ય ભાઈબહેનો સાથે રમતા, કંઈક લખતા અને થોડોક સમય સૂઈ જતા. એમને લાગે છે કે બાબાજી બાળકોને સુપેરે સમજે છે. બાબાજી એક પણ વખત કોઈ બાળકને વઢ્યા હોય એવું એમણે નથી જોયું. એમણે આજદિન સુધી બાબાજીને હંમેશાં ખુશ જોયા છે. મુન્નાભાઈ બાબાજી પાસેથી મુખ્ય બે વાતો સમજ્યા છે - ૧) બાળક કોઈ ભૂલ કરે છે તેનો અર્થ એમ છે કે તેને સમજાવવામાં આપણે અસમર્થ રહ્યા છીએ. ૨) શ્રમપૂર્વક ઉત્પાદન કરો, વાપરો અને થોડી બચત કરીને એ બીજાઓને પણ આપો. બાબાજી પાસેથી તેઓ ખેતી પણ શીખ્યા છે. આજે પણ તેઓ ખૂબ શ્રમ કરે છે અને ખુશ રહે છે. સંયમિત તથા સ્વસ્થ રહે છે. 60 વર્ષની ઉંમર પછી અધ્યયન શરૂ કરવાની તેમની યોજના છે.

શ્રી સાધનભાઈજી જ્યારે બાબાજીને પહેલી વખત મળ્યા ત્યારે તેઓ બાબાજીની વાત સમજી નહોતા શકતા અને તેનું તેમને ખૂબ દુઃખ થતું. વધારે આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે તેમના નિવેદન માત્રથી બાબાજીએ પછીની શિબિર નક્કી કરી નાંખી. દર્શન સમજવા માટે શરૂઆતમાં તેમણે 6 મહિના બાબાજી પાસે રહેવાનું નક્કી કર્યું અને પછી તો લાંબા સમય માટે ત્યાં જ રહી ગયા, તથા આજે પણ તેઓ પત્ની અને દીકરી સાથે ત્યાં જ રહે છે. અહીં તેઓ ઘરની વ્યવસ્થા, આયુર્વેદિક દવાઓનો કાર્યભાર તથા ત્યાં આવનાર જિજ્ઞાસુઓની જવાબદારી સંભાળે છે અને અધ્યયનમાં નિષ્ઠાપૂર્વક લાગેલા છે. અન્ય ઘણાં જિજ્ઞાસુઓની માફક તેઓ પણ બાબાજીને 'દિવ્ય માનવ' રૂપે જુએ છે.

મહિમાભાભી તો અન્ય કન્યાઓની જેમ જ લગ્ન પછી પોતાના માતાપિતાનું ઘર છોડીને બાકીનું જીવન પતિના ઘરે પસાર કરવા તૈયાર હતા. પણ અહીં તો પતિ જ પોતાનું ઘર છોડીને ગુરુજીના ઘરે રહેવા જવાના હતા! તો, થયું એવું કે લગ્ન નક્કી કરવાની વાતચીતમાં સાધનભાઈના પરિવારના સભ્યો સહિત અમ્બાદીદીને પણ મળવાનું થયું. (સાધનભાઈને લગ્ન પછી જ મળવાનું થયેલું, પહેલાં ફક્ત ટેલિફોનથી વાત થયેલી). વળી, મહિમાભાભીને પુત્રવધૂ બનીને અમરકંટક આવવામાં જાતભાતની આશંકાઓ હતી. પણ અમરકંટક પરિવારમાં આવ્યા પછી ન માત્ર તેમની બધી આશંકાઓ દૂર થઈ, પરંતુ તેમણે હંમેશાં એવું જ અનુભવ્યું કે ઘરની અન્ય પુત્રવધૂઓની જેમ તેઓ પણ આ જ ઘરની એક પુત્રવધૂ છે. તેઓ બાબાજીને એક દિવ્યદૃષ્ટિથી યુકત માનવ, આયુર્વેદમાં પારંગત ચિકિત્સક અને જ્ઞાની પુરુષના રૂપમાં જુએ છે. આજે તેઓ અમ્બાદીદી સાથે ઘરની જવાબદારીઓ સંભાળે છે અને પોતાને સૌભાગ્યશાળી સમજે છે.

પરિવારમાં થોડો સમય પણ રહેનાર વ્યક્તિને, પરિવારના સભ્યોની જેમ જ, બાબાજીનું ચારેય આયામો (અનુભવ, વિચાર, વ્યવહાર અને કાર્ય) તથા પાંચેય સ્થિતિઓ (સ્વયં, પરિવાર,

સમાજ, રાષ્ટ્ર અને અંતર્રાષ્ટ્ર)માં જીવવાનું સ્વરૂપ સ્પષ્ટ થવા માંડે છે અને બાબાજી એકસાથે જ્ઞાની, ગુરુ, પરિવારમાનવ, સમાજમાનવ તથા વ્યવસ્થામાનવ સ્વરૂપે દેખાય છે.

**સામાજિકતા** : બાબાજીએ સામાજિક જીવનમાં એક મર્યાદા બનાવી રાખી. તેઓ ક્યારેય કોઈ રોગી કે જિજ્ઞાસુને એકાંતમાં નથી મળ્યા. કેટલાય લોકોએ બાબાજીને ધન સ્વીકારી લેવાનો આગ્રહ કરેલો, પણ બાબાજીએ રૂપિયા લેવાને બદલે એમને સત્ય સમજવાનો આગ્રહ જ કર્યો છે. કોઈ પણ પ્રકારના ફાળારૂપે પણ તેઓએ રૂપિયા નથી લીધા. અધ્યયનમાં જોડાયા પછી જે કોઈએ વ્યવસ્થાના અર્થમાં તન-મન-ધન લગાવવાનો નિશ્ચય કર્યો એ સૌનું બાબાજીએ સ્વાગત કર્યું અને એમનું યોગદાન પ્રયોજનના અર્થમાં અર્પિત કરી દીધું. અગાઉ જણાવ્યું તેમ બાબાજીના ઘરમાં એક રૂપિયો પણ બહારથી નથી આવ્યો. તેઓ દરેક ક્ષેત્ર - જેમ કે, વિજ્ઞાન, ટેક્નોલોજી, આયુર્વેદ, કાયદો, ખેતી, શિક્ષણ, વગેરેમાં કામ કરનાર લોકોને મળ્યા છે. તેઓ જે-તે ક્ષેત્રના માણસ સાથે તેનાં ક્ષેત્રની વાતો કરતા, સમજવાનો પ્રસ્તાવ મૂકતા અને શિબિર કરવાની પ્રેરણા આપતા. શિબિર કરેલા લોકોને અધ્યયનની અને પછી તે મુજબ જીવવાની પ્રેરણા આપતા.

## લોકવ્યાપીકરણ

આદરણીય બાબાજીની વધતી ઉંમર (અત્યારે 94 વર્ષ) અને પ્રતિભાસંપન્નતા જોઇને લોકો તેમને પ્રેમથી બાબાજી કે બાબા નાગરાજજી, વગેરે કહીને સંબોધવા લાગ્યા છે. સમાધાન તથા સમૃદ્ધિનું પ્રમાણ પ્રસ્તુત કરતાં કરતાં અને સુખ, શાંતિ, સંતોષ તથા આનંદની નિરંતર અનુભૂતિ સાથે જીવન જીવતાં બાબાજી આ જ્ઞાન કે સમજણ સર્વસુલભ કઈ રીતે બનાવી શકાય એ બાબતે નિરંતર ચિંતન કરે છે. તેઓ કહે છે -

"... મેં જે અનુભવ કર્યો છે એને હું સવિનય પ્રસ્તુત જ કરી શકું છું. એને સમજવું એ પ્રત્યેકની પોતાની જવાબદારી છે અને એ જવાબદારી સાથે છે પ્રત્યેકની સ્વતંત્રતા. વ્યક્તિની ઇચ્છા હોય તો એ સમજે અને ન સમજવું હોય તો ન સમજે. પહેલાં એવું કહેવાતું આવ્યું છે કે 'અનુભવ'ને વર્ણવવો અશક્ય છે પણ મને એ વાતની બરાબર સ્વીકૃતિ છે કે મેં જે અનુભવ કર્યો છે, એમાં જે સત્ય છે તેને વાંસડા પર ચઢીને બૂમો પાડીને બહુ સારી રીતે બોલી શકાય છે. આ સત્ય એક દ્વારા બીજાને સમજાશે એવો મને વિશ્વાસ છે..."

શરૂઆતમાં બાબાજીએ અમુક સાધુઓ સાથે આ જ્ઞાનની ચર્ચા કરેલી, પણ બાબાજીને તરત જ ખ્યાલ આવી ગયેલો કે મોટાભાગના સાધુઓ ન તો 'જ્ઞાન'ની શોધમાં છે, ન એમની સઘન સાધના કરવાની તૈયારી છે. તેઓ તો માત્ર અમુક 'સિદ્ધિઓ' મેળવવા માંગતા હતા કે જેથી તેઓ

કાં તો ભૌતિક સુવિધાઓ જમા કરી શકે, સેવા માટે શિષ્યો મેળવી શકે, કાં પછી એમના દુશ્મનોને પાઠ ભણાવી શકે. તેઓ 'પોતીકાં અને પારકાં'ના ભેદભાવથી મુક્ત નહોતા. હા, ખરેખર પ્રમાણિકતાથી સાધના કરનાર સાધુઓ પણ હતા. તેઓને બાબાજીની વાત સારી લાગી, પણ તેઓ તો ચાલી આવતી આદર્શવાદી વિધિથી જ સાધના કરવા ઇચ્છતા હતા.

પરમ સત્ય સહઅસ્તિત્વ-સહજ અનુભવમૂલક પ્રમાણ-બોધપૂર્વક ચિંતન વિધિથી તેઓએ પરિવાર, સમાજ, શિક્ષણ, રાજકારણ, ધાર્મિકતા, વેપાર, પ્રકૃતિ, વગેરેની તત્કાલીન સ્થિતિ જોઇને કેટલાય મુદ્દાઓ પર વિચાર કર્યો, જેને સંક્ષિપ્તમાં આ રીતે વર્ણવી શકાય...

1) <u>પરંપરાની સમીક્ષા અને સાચો પ્રસ્તાવ</u> : એવું તો ન કહી શકાય કે પરંપરામાં આ પહેલાં કોઈનેય અનુભવ નહીં જ થયો હોય. પરંતુ, કોઈપણ ધાર્મિક પરંપરાને જોવાથી તેનું પ્રમાણ ન તો લેખિત સ્વરૂપમાં મળે છે, ન તો એ 'વ્યવસ્થાપૂર્વક' જીવવાના સ્વરૂપમાં મળે છે. પરંપરામાં પૂર્વજોએ પોતાની રીતે જે કંઈ યોગદાન આપ્યું છે તેનું પૂર્ણ સન્માન છે. તેઓએ ઘોર તપ, સાધના અને પરિશ્રમ કર્યો તથા તેમણે તત્કાલીન પરિસ્થિતિઓને અનુરૂપ ઉપદેશ પણ આપ્યા. એ તમામ મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ સહજ છે કે જેઓએ માનવજાતિને સાચું જીવન જીવવાની પ્રેરણા આપી. પરંતુ આજે વિશ્વમાં, સમાજમાં, પરંપરામાં અને ધાર્મિક સમુદાયોમાં પુષ્કળ ભૂલો, અપરાધ અને અને યુદ્ધ (સંઘર્ષ) જોવા મળે છે. માનવજાતિમાં એમને વધારે પ્રગટ કરવાથી કોઈ ઉપલબ્ધિ નથી થવાની. ન તો ભૂલને ભૂલથી, અપરાધને અપરાધથી કે યુદ્ધને યુદ્ધથી કદી રોકી શકાશે, ન તો તેમનો વિરોધ કરવાથી તેમને નષ્ટ કરી શકાશે. એટલે સત્યનો પ્રસ્તાવ આપવો એ જ એકમાત્ર રસ્તો છે. બાબાજીએ માનવજાતિની જરૂરિયાતો આ પ્રકારે ઓળખી -
    a) પ્રત્યેક માનવમાં સ્વસ્થ માનસિકતાના (માનવીયતાપૂર્ણ વિચારના) ઉદય માટે શિક્ષણની વસ્તુ તરીકે લાભોન્માદી અર્થશાસ્ત્ર, ભોગોન્માદી સમાજશાસ્ત્ર અને કામોન્માદી મનોવિજ્ઞાનની જગ્યાએ આવર્તનશીલ અર્થશાસ્ત્ર, વ્યવહારવાદી સમાજશાસ્ત્ર અને માનવસંચેતનાવાદી મનોવિજ્ઞાન;
    b) પ્રત્યેક માનવ-પરિવારનો કાર્યક્રમ સુવિધા-સંગ્રહ હોવાને બદલે ન્યાય, સમાધાન અને સમૃદ્ધિ;
    c) સામાજિક શાંતિ અને સર્વશુભ રાજનીતિ માટે શક્તિકેન્દ્રિત શાસનને બદલે સમાધાનકેન્દ્રિત અખંડ સમાજ વ્યવસ્થા;
    d) પ્રત્યેક માનવની ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ હેતુ કૌશલ્ય માટે વિખંડનવાદી (પ્રાકૃતિક અસંતુલનવાદી) વિજ્ઞાનને બદલે સહ-અસ્તિત્વવાદી (પ્રાકૃતિક સંતુલનવાદી) વિજ્ઞાન';

e) બૌદ્ધિક સમાધાન અને સામાજિકતા માટે દ્વંદ્વાત્મક ભૌતિકવાદ, સંઘર્ષાત્મક જનવાદ અને રહસ્યાત્મક આદર્શવાદને બદલે સમાધાનાત્મક ભૌતિકવાદ, વ્યવહારાત્મક જનવાદ અને અનુભવાત્મક અધ્યાત્મવાદ (સહઅસ્તિત્વવાદ);

f) રહસ્યમૂલક ઈશ્વરકેન્દ્રિત માન્યતા અને અસ્થિરતા-અનિશ્ચિતતામૂલક વસ્તુ-કેન્દ્રિત ચિત્રણના સ્થાને અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન આપ્યું.

2) <u>શિશુ</u> : દરેક માનવસંતાન જન્મથી જ જિજ્ઞાસુ હોય છે, ન્યાયની અપેક્ષા કરે છે, યોગ્ય કાર્ય-વ્યવહાર કરવા માંગે જ છે અને તે સ્વયંસ્ફૂર્ત રીતે સત્યવક્તા હોય છે. દરેક માનવસંતાનમાં આ સર્વેક્ષિત કરી શકાય છે, દરેક માનવ તે સર્વેક્ષિત કરે જ છે. આમ, દરેક માનવમાં સમાધાન, ન્યાય, ધર્મ અને સત્યને જાણવાની તથા તે મુજબ જીવવાની અપેક્ષા હોય જ છે, જેના માટે માનવ-પરંપરામાં સમાધાન, ન્યાય, ધર્મ અને સત્ય સ્થાપિત થાય એ જરૂરી છે.

3) <u>ઉદ્‌ગાર</u> : સમાધાન અને સમૃદ્ધિપૂર્વક જીવતાં જીવતાં બાબાજી પોતાનામાં નિરંતર આ ઉદ્‌ગારો પામ્યા - "ભૂમિ સ્વર્ગ થાય, માનવ દેવતા થાય, ધર્મ સફળ થાય અને નિત્ય શુભ થાય"

4) <u>સર્વશુભની કામના</u> : માનવમાં સર્વશુભની કામના અને અપેક્ષા છેક અનાદિકાળથી રહી છે. દરેક માનવમાં બૌદ્ધિક સમાધાન અને ભૌતિક સમૃદ્ધિ ચિરાપેક્ષિત છે જ. કોઈ પણ માનવનો કાર્યક્રમ લક્ષ્યવિહિન નથી હોતો તથા પ્રત્યેક માનવ સુખ, શાંતિ, સંતોષ અને આનંદની અનુભૂતિ ઇચ્છે છે.

5) <u>કૂવો તરસ્યાના ઘરે આવશે</u> : પરંપરામાં એવું કહેવાયું છે કે જે તરસ્યો હશે તે કૂવા પાસે આવશે. બાબાજીએ વિચાર્યું કે હવે તો ઘરે-ઘરે પાણીના નળ થઈ ગયા છે. તો, તેમણે આ જ્ઞાન લઈને સામે ચાલીને લોકો પાસે જવાનું નક્કી કર્યું.

6) <u>ભીડ</u> : બાબાજીએ જોયું કે અત્યાર સુધી કોઈપણ મહાપુરૂષ પરંપરામાં જ્ઞાની હોવાનું પ્રમાણ ઉપલબ્ધ નથી. એમનાં ટોળાંબંધ શિષ્યો, એમને માનનારાં અને એમના નામ પરથી સમુદાયો સમાજમાં જોઈ શકાય છે. આ પૃથ્વી પર સ્વર્ગ ત્યારે જ શક્ય થશે, જ્યારે અનુભવસંપન્ન માનવોની પરંપરા સ્થાપિત થઈ જાય. એટલે, પોતાની પાસે ભીડ ભેગી કરવાને બદલે એ જ જિજ્ઞાસુઓને અનુભવ બોધ કરાવવાનો નિશ્ચય કર્યો, સંકલ્પ લીધો કે જેમને મન 'સમજવું' એ સૌથી વધુ મહત્ત્વનું કામ હોય. આજે અનેક વ્યક્તિઓ અધ્યયનમાં અને તે મુજબ જીવવામાં લાગેલાં જોઈ શકાય છે.

7) <u>સાધના કે અધ્યયન-વિધિ</u> : અત્યાર સુધી પરંપરામાં જ્ઞાનપ્રાપ્તિ માટે સાધના-તપસ્યા-સમાધિનો રસ્તો જ દેખાડવામાં આવ્યો છે. આખરે, બાબાજીને પોતાને પણ વડીલો અને ગુરુજનોએ સમાધિની જ પ્રેરણા આપી હતી. પ્રત્યેક માનવ સુખી થવા માંગે છે જે અનુભવસંપન્નતાથી જ શક્ય છે. પણ જ્યાં સાધુજનો જ વિરક્તિવાદી સાધનાવિધિ માટે તૈયાર નથી દેખાતાં તો અન્ય માનવો પાસે તો શું અપેક્ષા રાખવી? દરેક વ્યક્તિ

તો પરંપરાગત સાધના માટે તૈયાર થશે નહીં. પછી, સમાધિથી 'અનુભવ' સુધી પહોંચવું એ એક અનિશ્ચિત યાત્રા છે. જ્યારે આજે લગભગ દરેક માનવસંતાન 20 વર્ષ કરતાં પણ વધુ સમય આધુનિક શિક્ષણમાં ખપાવી દે છે. જો આ સમજણને શિક્ષણની વસ્તુ તરીકે તૈયાર કરીએ અને એની અધ્યયન-વિધિ તૈયાર કરીએ તો પ્રત્યેક માનવસંતાન કોઈ શિક્ષણ સંસ્થાનમાંથી બહાર નીકળે ત્યારે તે પૂર્ણપણે સમજણસંપન્ન હોય. એટલે અધ્યયનને વિધિવત્ રૂપમાં અને એના માટે અધ્યયનની સંપૂર્ણ વસ્તુને વ્યવસ્થિત રૂપમાં પ્રસ્તુત કરવાનો બાબાજીએ નિશ્ચય કર્યો.

## અધ્યયન-વિધિ

બાબા નાગરાજજીએ એ તથ્ય ઓળખ્યું કે કોઈ પણ માનવ સાહજિક રીતે જ એ સ્વીકારી શકે કે જે જ્ઞાનનો અનુભવ બાબાજીને 20-30 વર્ષની કઠોર સાધના પછી થયો એ જ જ્ઞાનનો અનુભવ કોઈ પણ જિજ્ઞાસુ માણસને અધ્યયન-વિધિ પ્રયોગમાં લાવવાથી થઈ શકે છે, એ માટે જિજ્ઞાસુ વ્યક્તિને બે વાતો પર વિશ્વાસ હોવો જોઈએ – પહેલો તો તેને એ વિશ્વાસ હોવો જોઈએ કે આ માણસ (એટલે કે બાબાજી) જ્ઞાનસંપન્ન છે; અને બીજો વિશ્વાસ તેને એ હોવો જોઈએ કે બાબાજીને જેવું સમજાયું છે, એમને જેવો અનુભવ થયો છે તેનું તે યથાર્થ વર્ણન કરી શક્યા છે, તેઓ એમના અનુભવને શબ્દોમાં વ્યક્ત કરી શક્યા છે. નહીંતર, પરંપરામાં માનવજાતિને વિશ્વાસ કરવા માટે કોઈ જ આધાર કે પ્રમાણ ઉપલબ્ધ નથી.

પરંપરામાં જોઈ શકાયું છે કે અમુક માનવોએ અન્ય માનવોનો વિશ્વાસ જીતવા માટે કોઈ અસહજ (પ્રાકૃતિક નિયમોની વિરુદ્ધ લાગતી હોય તેવી) ક્રિયાઓ કે ચમત્કારોનો આધાર લીધો, કે પછી શાસ્ત્રોનાં 'આપ્ત વાક્યો'ને પ્રમાણ તરીકે સ્વીકાર્યાં. બાબાજીનું કહેવું એમ છે કે અસ્તિત્વમાં ક્યાંય રહસ્ય કે ચમત્કાર જેવું કશું નથી. માણસ કાં તો સમજે છે, કાં પછી એ ભ્રમિત રહે છે; તથા અનુભવસંપન્નતાનું સત્યાપન જ આપ્ત વાક્ય છે.

સ્વયં (બાબાજી) જ્ઞાનસંપન્ન છે એ કોણ પ્રમાણિત કરશે? કાં તો અન્ય કોઈ જ્ઞાનસંપન્ન વ્યક્તિ પ્રમાણિત કરી શકશે અથવા તો એનો કોઈ સાર્વભૌમ આધાર હશે. કોઈ શાસ્ત્ર કે કોઈ યંત્ર તો પ્રમાણ નહીં જ હોય. નિષ્કર્ષ એ નીકળ્યો કે તેમનું આચરણ, તેમનું જીવવું એ જ જ્ઞાનસંપન્નતાનું પ્રમાણ હશે. આ વિચાર સાથે તેમણે પોતાના 'અનુભવ'ના પ્રકાશમાં, આગળ જેનું વર્ણન કર્યું છે એ માનવીયતાપૂર્ણ આચરણની કસોટી તૈયાર કરી; અને નિરંતર એ મુજબ જીવ્યા. (જેનું વર્ણન આપણે આગળ જોઈ ગયા છીએ.) તેમણે દરેક જિજ્ઞાસુઓને તથા દરેક માણસને પોતાનું આચરણ

ચકાસવા માટે આમંત્રિત કર્યા. આ રીતે તેમનું પારદર્શી આચરણ કોઈ રહસ્ય ન રહેતાં સૌને માટે 'સાચાં આચરણનું પ્રમાણ' અને પ્રેરણાસ્ત્રોત સિધ્ધ થયું.

તેઓ અનુભવનું યથાર્થ વર્ણન કરી શક્યા છે એનું પ્રમાણ શું? આ દર્શન પર જિજ્ઞાસુઓને કેવી રીતે વિશ્વાસ થશે? અનુભવમૂલક ચિંતનથી નિષ્કર્ષ એ નીકળ્યો કે એનાં બે પ્રમાણ હશે. એક, અધ્યયન-વિધિનો પ્રારંભિક પડાવ જિજ્ઞાસુઓ તરત જ પ્રાપ્ત કરી શકે. બે, પ્રત્યેક માનવ એમની આ વિધિ પાછળની મૂળ ઇચ્છા સ્પષ્ટ જોઈ શકે કે એમની ઇચ્છા સર્વશુભની છે કે પછી સુવિધા-સંગ્રહની છે, જે તત્કાલીન મોટાભાગના સાધુ-સંન્યાસીઓમાં જોઈ શકાય છે. એટલે એમની ઇચ્છા પણ એમના જીવવાથી-આચરણથી જ સ્પષ્ટ થશે, જે જ્ઞાનસંપન્નતાના પ્રમાણ સાથે જોડાશે. એટલે આ વિશ્લેષણથી નિષ્કર્ષ એ નીકળ્યો કે જ્ઞાનસંપન્નતા કે અનુભવનું પ્રમાણ માનવનું જીવવાનું (આચરણ) જ છે અને માનવે સ્વયં જ સ્વયંના અનુભવનું સત્યાપન કરવાનું છે. પુનઃ સહુથી પહેલાં તેઓએ સ્વયંનું સત્યાપન સમગ્ર માનવજાતિ માટે પ્રસ્તુત કર્યું.

આમ, સર્વશુભની કામનામાં અને પ્રેમથી ઓતપ્રોત બાબાજીએ અનુભવમૂલક ચિંતનથી સ્મરણપૂર્વક અધ્યયન પ્રક્રિયા પ્રસ્તુત કરી, જેના થકી માનવીય આચરણની પરંપરા સ્થાપિત થઈ શકે. આ પ્રક્રિયામાં એમણે જોયું કે કોઈપણ અધ્યયનકર્તા માટે અનુભવગામી વિધિથી અનુભવ પ્રાપ્ત કરવા માટે ત્રણ બાબતો હોવી અનિવાર્ય છે :

1) <u>જિજ્ઞાસા</u> : સહુથી પહેલાં તો અધ્યયન કરનારને સુખપૂર્વક જીવવા માટે અનુભવની અનિવાર્યતા સ્પષ્ટ હોવી જોઈએ. તેને એ સમીક્ષિત થયેલું હોવું જોઈએ કે સુવિધા-સંગ્રહમાં; ભોગ, અતિભોગ, બહુભોગમાં અથવા સંવેદનાઓને રાજી રાખવાના પ્રયત્નોમાં સુખ નથી. તેનામાં એ વાતની સ્વીકૃતિ હોવી જોઈએ કે નિરંતર સુખ, શાંતિ, સંતોષ અને આનંદપૂર્વક જીવવા માટે અનુભવ અને એ પછી અનુભવમૂલક વિધિથી જીવવું એ એકમાત્ર ઉપાય છે.
2) <u>અધ્યયનની વસ્તુ</u> : સાધના સમયે બાબાજી માટે અધ્યયનની વસ્તુ હતી અસ્તિત્વ. અન્ય કોઈ માનવ ક્યારેય અનુસંધાન કરવા ઇચ્છશે તો તેના માટે પણ અધ્યયનની વસ્તુ અસ્તિત્વ જ છે. પરંતુ, અધ્યયનવિધિમાં અધ્યયનની વસ્તુ કંઈક આવી છે - અનુભવસંપન્ન માનવે સમજેલું અસ્તિત્વ, અસ્તિત્વમાં પ્રકૃતિ, જીવન, માનવ અને અખંડ સમાજ સાર્વભૌમ વ્યવસ્થા સહજ અભિવ્યક્તિ. સંક્ષિપ્તમાં અધ્યયનની વસ્તુને પરિભાષિત અને નિશ્ચિત કરી - સહઅસ્તિત્વ, વિકાસક્રમ, વિકાસ, જાગૃતિક્રમ, જાગૃતિ.

   શરૂઆતમાં, આ સંપૂર્ણ સમજણને સૂચનારૂપે એક જ પુસ્તકમાં પ્રસ્તુત કરવાનું બાબાજીએ વિચાર્યું. પરંતુ, માનવજાતિમાં વિચારોમાં વૈવિધ્ય અને સર્વમાનવ માટે 'અધ્યયન-વસ્તુ'ની જરૂરિયાત તથા સર્વસુલભતાને ધ્યાનમાં રાખતાં સંપૂર્ણ દર્શન, વાદ અને શાસ્ત્રને 14 પુસ્તકોમાં લિપિબધ્ધ કર્યા. પહેલાં એવું બનતું આવ્યું છે કે

કોઈ નવું દર્શન કે નવો વિચાર પ્રકાશિત થાય ત્યારે અનેક લેખકો દ્વારા એની ટીકાઓ અને વ્યાખ્યાઓ પ્રચલિત કરવામાં આવે, જેમાં મૂળ વિચાર દૂષિત થઈ જવાની સંભાવના હોય જ છે. પરંતુ, મધ્યસ્થ દર્શનની 'અધ્યયન-વસ્તુ'ને સૂત્ર રૂપે, વ્યાખ્યા રૂપે અને એવાં ઘણાં કોણથી લખીને વસ્તુ દૂષિત થવાની સંભાવના પણ નષ્ટ કરી દીધી.

પરંપરામાં પ્રચલિત શબ્દોની સુવ્યવસ્થિત રીતે પરિભાષા આપીને એમને પ્રયોગમાં લેવાયા કે જેથી અધ્યયનકર્તા પ્રત્યેક શબ્દના અર્થને જાણીને અસ્તિત્વમાં તેને અનુરૂપ વસ્તુ ઓળખી શકે, તેનો સાક્ષાત્કાર કરી શકે તથા તેનો બોધ કરી શકે. એના માટે બાબાજીએ મધ્યસ્થ દર્શનના વાઙમયમાં એક પરિભાષા સંહિતાનું સંકલન પણ પ્રસ્તુત કર્યું. એ પછી 'અધ્યયન-વસ્તુ', 'અધ્યયન-પ્રક્રિયા' અને અન્ય શંકા-સમાધાન માટે જિજ્ઞાસુઓ અને બાબાજી વચ્ચે સમયે-સમયે થયેલા સંવાદો પણ પ્રકાશિત કરાયા છે. (વાઙમયની યાદી આ પુસ્તકના અંતે આપેલી છે.)

3) <u>અભ્યાસ</u> : આદરણીય બાબાજી જ્ઞાન અથવા અનુભવસંપન્નતા પછી અનુભવમૂલક વિધિથી (અનુભવમૂલક વિધિ એટલે કે અનુભવસંપન્નતા પછી જીવવું) ચાર આયામોમાં (એટલે કે અનુભવ, વિચાર, વ્યવહાર અને ઉત્પાદનમાં) જીવી રહ્યા છે અને આ આયામોના પ્રમાણ માટે પાંચ સ્થિતિઓમાં (એટલે કે સ્વયં, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને અંતર્રાષ્ટ્રમાં) જીવતાં જીવતાં અભ્યાસ કરે છે. અધ્યયન-વિધિ, કે જે અનુભવગામી વિધિ છે (અનુભવગામી વિધિ એટલે અનુભવસંપન્નતા માટે જીવવું) તેમાં અધ્યયનકર્તાએ 'અધ્યયન-વસ્તુ'ની સૂચનાના આધારે જીવવાનું છે. જીવવું એટલે જ અભ્યાસ કરવો. જિજ્ઞાસુએ અનુભવ માટે 'વિચાર, વ્યવહાર અને વ્યવસાય' એમ ત્રણેય આયામોમાં જીવવાનો અભ્યાસ કરવાનો છે. પઠન અથવા શ્રવણ કરીને સંપૂર્ણ અધ્યયન-વસ્તુની સૂચનાઓ ગ્રહણ કરવાની છે. એની સાથે મનન કરીને અધ્યયન-વસ્તુને સ્વયંના વિચારોમાં લાવવાની છે. આ રીતે અધ્યયન-વસ્તુ અનુસાર વ્યવહાર અને વ્યવસાય કરતાં કરતાં યથાર્થતા બોધ તથા અનુભવસંપન્નતા તરફ ગતિત થવાનું છે.

તો આ રીતે, એ પણ જોઈ શકાય છે કે વાઙમયનો ઉદ્દેશ્ય માનવસમાજમાં અધ્યયનપૂર્વક જાગૃતિની પરંપરા સ્થાપિત કરવાનો અને એના માટે જીવવાનો 'વિકલ્પ' પ્રસ્તુત કરવાનો રહ્યો છે, નહીં કે કોઈ ચોક્કસ વિચાર કે સાહિત્યનો વિરોધ કરવાનો કે ન કોઈ આંદોલન ઊભું કરવાનો. બાબાજીના પ્રત્યેક વિચાર, વ્યવહાર અને વ્યવસાયનો ઉદ્દેશ્ય એ જ રહ્યો છે કે પ્રત્યેક માનવ સમજદાર થઈને એ જોઈ શકે કે માનવજાતિ અને માનવ ધર્મ એક છે; અને દરેક માનવ અખંડ સમાજ સાર્વભૌમ વ્યવસ્થામાં ભાગીદારી કરી શકે છે.

ઉપરોક્ત અધ્યયન પ્રક્રિયા દ્વારા પ્રત્યેક માનવ અનુભવસંપન્ન થઈ શકે છે તથા આ પ્રક્રિયા શિક્ષણના માધ્યમથી સર્વસુલભ થઈ શકે છે. એના માટે બાબાજીએ ત્રણ યોજનાઓ પ્રસ્તુત કરી -

1) જીવનવિદ્યા યોજના : (અધ્યયન-વસ્તુથી માહિતગાર થવું તથા 'જીવન'ના હોવાની સામાન્ય જાણકારી.) જ્યાં સુધી અધ્યયન-વસ્તુ અને અધ્યયન-પ્રક્રિયા સમાજમાં પ્રચલિત શિક્ષણમાં સ્થાપિત ન થઈ જાય (વસ્તુતઃ શિક્ષણ પ્રણાલીને અધ્યયન-વસ્તુ મુજબ વ્યવસ્થિત થવાની જરૂર છે, તે ન થાય) ત્યાં સુધી દરેક પ્રૌઢ, યુવાન અને કિશોરોને શિબિરના માધ્યમથી અધ્યયન-વસ્તુ ઉપલબ્ધ કરાવવા માટે આ યોજના બાબાજીએ પ્રસ્તુત કરી છે. બાબાજીએ પોતે શિબિર લેવાનું શરૂ કર્યું અને થોડાંક જ સમયમાં અન્ય ઘણા લોકો શિબિર લેવાની યોગ્યતાથી સંપન્ન બન્યા છે.
2) માનવ ચેતના વિકાસ મૂલ્ય શિક્ષણ યોજના : (શિક્ષણના માનવીયકરણ માટે.) અધ્યયન-વસ્તુને શિક્ષણ-સંસ્થાઓના અભ્યાસક્રમમાં દાખલ કરવાના હેતુથી પ્રસ્તુત કરવી. એના માટે દેશ-વિદેશની ઘણી શિક્ષણ-સંસ્થાઓમાં પ્રયોગો થઈ રહ્યા છે.
3) પરિવાર મૂલક સ્વરાજ્ય વ્યવસ્થા યોજના : (પરિવાર સમાજના મૂળભૂત એકમ રૂપે વ્યવસ્થિત થાય એની યોજના.) આના અંતર્ગત ઉદ્દેશ્ય છે કે માનવ પરિવાર એ રીતે જીવી શકે કે જેથી એ અખંડ સમાજ સાર્વભૌમ વ્યવસ્થા સાથે જોડાય. આજે કેટલાય પરિવારો આ પ્રમાણે જીવવાનો પ્રયોગ કરી રહ્યા છે. આ યોજના અંતર્ગત 'દશ સોપાનીય વ્યવસ્થા'નું પ્રાવધાન છે, જેમાં ધનનો જરાય વ્યય કર્યા વિના એક પરિવાર તથા એક ગામથી માંડીને સંપૂર્ણ વિશ્વ સુધીના પ્રતિનિધિઓ મનોનીત કરવાની પ્રક્રિયા સુનિશ્ચિત કરી શકાય છે, તથા ધરતી પર માનવ ધર્મ સફળ થઈ શકે છે અને પૃથ્વી સ્વર્ગ બની શકે છે.

આ પ્રકારે, બાબાજીનું જીવન જ દર્શન અને પ્રમાણ છે. તેમણે કોઈ નવા સમુદાય, પંથ, મિશન કે સંપ્રદાયનો આરંભ ન કર્યો, પણ પ્રત્યેક માનવની ચેતનાના વિકાસના હેતુથી સાર્વભૌમ 'અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન' આપ્યું, જેથી દરેક માનવ અધ્યયન-વિધિથી જ્ઞાનસંપન્ન કે અનુભવસંપન્ન થઈ પોતે નિરંતર સુખપૂર્વક જીવી શકે છે અને અન્ય માનવોના સુખી થવામાં ભાગીદારી કરી શકે છે. ચિરકાળથી માનવીની જે અપેક્ષા રહી છે કે 'ભૂમિ સ્વર્ગ થાય અને માનવ દેવતા થાય' એ અપેક્ષા હવે સફળ થઈ શકે છે!

# <u>ઉપસંહાર</u>

આ પુસ્તકની પૂર્ણાહુતિ પ્રસંગે (ઓગસ્ટ, 2015 સમયે) આદરણીય બાબાજીના માર્ગદર્શન હેઠળ માનવીય પરંપરા તથા માનવીય શિક્ષણ-સંસ્કાર માટે આ મુજબના કાર્યો થયા છે.....

- ❖ જીવનવિદ્યા શિબિરોના માધ્યમથી (ઓગસ્ટ, 2015 સુધીમાં) 80,000 કરતાં પણ વધુ લોકોનો 'અધ્યયન-વસ્તુ'થી પરિચય થયો છે. પરિચય શિબિર કરનાર તથા કરાવનારની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. વળી છ માસિક, એક વર્ષીય, બે વર્ષીય અને ત્રણ વર્ષીય અધ્યયન શિબિરોની અને અધ્યયનાર્થીઓની સંખ્યા વધી રહી છે. આથી એ સાબિત થાય છે કે ધરતી પર માનવીય શિક્ષણ પરંપરાની તૃષા પ્રત્યેક માનવને છે જ.
- ❖ સ્વયંના સત્યાપન અનુસાર કેટલાક માણસો દર્શન સમજીને હવે અનુભવ અને પ્રમાણ માટે પ્રયત્નશીલ છે અને કેટલાક માનવો વિકલ્પ અનુસાર જીવતાં જીવતાં માનવીય શિક્ષણ અને માનવીય પરંપરા માટે પ્રયત્નશીલ છે.
- ❖ વિભિન્ન સ્થાનોએ કેટલાક પરિવારો સ્વયંસ્ફૂર્ત રીતે 'પરિવારમૂલક સ્વરાજ વ્યવસ્થા' માટે 'વિકલ્પ' અનુસાર જીવી રહ્યાં છે, અધ્યયન કરવામાં અને કરાવવામાં પ્રયત્નશીલ છે. દિવ્યપથ સંસ્થાન, અમરકંટક (મધ્યપ્રદેશ); અભ્યુદય સંસ્થાન, અછોટી (રાયપુર, છત્તીસગઢ); બિજનૌર (ઉત્તરપ્રદેશ); માનવીય શિક્ષણ-સંસ્કાર સંસ્થાન, કાનપુર (ઉત્તરપ્રદેશ); માનવ ચેતના વિકાસ કેન્દ્ર, ઈન્દોર (મધ્યપ્રદેશ) અને બુલ્ઢાણા (મહારાષ્ટ્ર)માં સુચારુ રૂપે અધ્યયનની વ્યવસ્થા છે. એ સિવાય દિલ્હી, હૈદરાબાદ, પુણે, સરદારશહર (રાજસ્થાન), બેમેતરા (છત્તીસગઢ), અમરોહા (ઉત્તરપ્રદેશ), ચકારસી (ઉત્તરપ્રદેશ), બેંગ્લોર અને ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, કુકમા (ભુજ) અને સુરત ખાતે નિયમિત રીતે જીવનવિદ્યા શિબિરો અને ગોષ્ઠીઓ આયોજિત થાય છે.
- ❖ શિક્ષણના માનવીયકરણના પ્રયત્નો અંતર્ગત શુદ્ધરૂપે 'ચેતનાવિકાસ મૂલ્યશિક્ષણ' આધારિત 'અભિભાવક વિદ્યાલય' રાયપુરમાં સ્થિત છે. આ વિદ્યાલયમાં દરેક શિક્ષક-શિક્ષિકા વેતન વિના સ્વયંની પ્રસન્નતાની અભિવ્યક્તિરૂપે શિક્ષણ આપે છે.
- ❖ છત્તીસગઢ શિક્ષણવિભાગ દ્વારા ધોરણ 1થી 5 સુધીના 'ચેતનાવિકાસ મૂલ્યશિક્ષણ'નાં પાઠ્યપુસ્તકો પ્રકાશિત થયા છે, જેનું શિક્ષણ તમામ સરકારી શાળાઓમાં ફરજીયાત છે. શિક્ષણવિભાગના અધિકારીઓ અને શિક્ષકો અધ્યયન માટે નિયમિત રીતે અછોટી આવે છે.
- ❖ આદરણીય નાગરાજજી દ્વારા પ્રસ્તુત મધ્યસ્થ દર્શન વાઙ્મય આધારિત ચેતનાવિકાસ મૂલ્યશિક્ષણનો પ્રારંભિક કોર્સ દેશ-વિદેશની લગભગ 30 શિક્ષણ-સંસ્થાઓમાં ચાલે છે.

## આ પુસ્તક વાંચવાથી મને સમજાયું કે...

# વાઙમય

'અસ્તિત્વમૂલક માનવકેન્દ્રિત ચિંતન' અથવા 'મધ્યસ્થ દર્શન સહઅસ્તિત્વવાદ' આધારિત પુસ્તકોની સૂચિ

(આ પુસ્તકો હિન્દી ભાષામાં છે.)

## દર્શન

- માનવ વ્યવહાર દર્શન
- માનવ કર્મ દર્શન
- માનવ અભ્યાસ દર્શન
- માનવ અનુભવ દર્શન

## વાદ

- વ્યવહારાત્મક જનવાદ
- સમાધાનાત્મક ભૌતિકવાદ
- અનુભવાત્મક અધ્યાત્મવાદ

## શાસ્ત્ર

- વ્યવહારવાદી સમાજશાસ્ત્ર
- આવર્તનશીલ અર્થશાસ્ત્ર
- માનવ સંચેતનાવાદી મનોવિજ્ઞાન

## સંવિધાન

- માનવીય આચાર સંહિતા રૂપી માનવીય સંવિધાનની સૂત્ર વ્યાખ્યા

## અન્ય

- જીવનવિદ્યા : એક પરિચય
- વિકલ્પ
- અધ્યયનબિંદુ
- પરિભાષા સંહિતા
- સંવાદ ભાગ- 1, 2 (ભાગ 3 પ્રકાશિત થશે.)
- સંકલન (પ્રકાશિત થવામાં છે)

## સંવાદના ઓડિયો-વિડિયો ઉપલબ્ધ છે

- Website: www.madhyasth-darshan.info
- E-mail: info@madhyasth-darshan.info